RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 113* Date: 19.02.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પહેલાં જુબાની જંગઃ દીદી-શાહ આમને-સામને

# દીદીના ગઢમાં શાહનો હૂંકારઃ પં.બંગાળમાંથી ટીએમસીને ઉખાડી ફેંકીશું





*કોલકાત્તા,તા.૧૮*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરૂવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વીપ ખાતે ભાજપની ૫મી પરિવર્તન રેલીને લીલી ઝંડી દેખાડી હતી. ત્યાર બાદ તેમણે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં એક રેલીને સંબોધિત કરી હતી અને મમતા બેનર્જીને પશ્ચિમ બંગાળમાંથી તૃણમૂલ કોંગ્રેસને ઉખાડી ફેંકવામાં આવશે તેવો પડકાર ફેંક્યો હતો.

રેલીને સંબોધિત કરતી વખતે અમિત શાહે જનતાને પરિવર્તન માટે અપીલ કરી હતી. પશ્ચિમ બંગાળની જનતાને ઉદ્દેશીને અમિત શાહે કહ્યું હતું કે, ×તમે એક વખત બંગાળમાં ભાજપની સરકાર બનાવી જુઓ, બંગાળના તમામ સરકારી કર્મચારીઓને ૭મા પગારપંચનો લાભ આપવામાં આવશે. શિક્ષક ભાઈઓને યોગ્ય માપદંડ મળે તે માટે ભાજપ સરકાર એક કમિટીની રચના કરશે.

અમિત શાહે કહ્યું કે, બંગાળમાં જે રાજકીય હિંસાઓ થાય છે તેમાં ભાજપના ૧૩૦ કાર્યકરો માર્યા ગયા. મમતા દીદી એવું વિચારે છે કે, કોઈને મારી નાખવાથી ભાજપ અટકી જશે. હું તેમને કહેવા માંગુ છું કે, મમતા દીદી તૃણમૂલ કોંગ્રેસના ગુંડાઓએ અમારા ૧૩૦ કાર્યકરોને મારી નાખ્યા છે પણ તેમની શહીદી વ્યર્થ નહીં જાય. બંગાળની ધરતી પર સંપૂર્ણ તાકાત સાથે કમળ ખીલવાનું છે.

## ટીએમસીનું સૂત્ર ભત્રીજા બઢાવો, દીદીના ગુંડાઓએ ૧૩૦ ભાજપ કાર્યકરોને મારી નાંખ્યા તેમની શહીદી વ્યર્થ નહીં જાય, તમામ કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપીશુંઃ શાહ

રેલીમાં અમિત શાહે મુખ્યમંત્રી મમતા બેનર્જી અને તેમના ભત્રીજા તથા પાર્ટીના સ્થાનિક સાંસદ અભિષેક બેનર્જી પર નિશાન સાધ્યું હતું. અમિત શાહે કહ્યું કે, TMCનો એક જ નારો છે, ભત્રીજાને આગળ વધારો. TMCના મનમાં ભત્રીજાના કલ્યાણ સિવાય કોઈ અભિલાષા નથી. નરેન્દ્ર મોદીજીનો નારો છે, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ.×

અમિત શાહે જય શ્રી રામના નારાને તૃષ્ટિકરણની વિરૂદ્ધનો ગણાવીને ભાજપ તે નારાને ઘેર-ઘેર પહોંચાડશે તેમ કહ્યું હતું અને સાથે જ પશ્ચિમ બંગાળમાં મહિલાઓને ૩૩ ટકાથી વધારે આરક્ષણ મળશે તેવું વચન આપ્યું હતું. તેમણે લોકોને મમતાના ગુંડાઓથી ડરવાની જરૂર નથી અને ચૂંટણીના દિવસે એક પણ ગુંડો રસ્તા પર નહીં દેખાય તેમ કહીને એક વખત ભાજપને તક આપશો તો ૫ વર્ષમાં બંગાળની કાયાપલટ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

અમિત શાહે જો ભાજપની સરકાર બનશે તો ઘૂસણખોરો જ નહીં એક ચકલું પણ ખોટી રીતે પ્રવેશ નહીં કરી શકે તેવો હુંકાર ભણ્યો હતો. સાથે જ મોદીજીએ બંગાળના વિકાસ માટે જે પૈસા મોકલ્યા તે મમતા દીદીની સિંડિકેટ ખાઈ ગઈ તેવો આક્ષેપ કર્યો હતો. તેમણે અમ્ફાન તોફાન વખતે કેન્દ્ર સરકાર દ્વારા જે પૈસા મોકલવામાં આવ્યા તેને TMCના ગુંડાઓ દબાવી ગયા હોવાનો દાવો કર્યો હતો.

બંગાળની બે દિવસીય મુલાકાતે આવેલા અમિત શાહે ગુરૂવારે સવારે કોલકાતામાં ભારત સેવાશ્રમ સંઘ ખાતે પૂજા કરીને પોતાના કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ તેમણે ગંગાસાગરના કપિલ મુનિ આશ્રમ અને ગંગાસાગર ખાતે પૂજા-અર્ચના કરી હતી અને પછી ભાજપની ૫મી પરિવર્તન યાત્રાને લીલી ઝંડી દેખાડી હતી.

૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં રાજ્યની ૪૨ લોકસભા બેઠકોમાંથી ૧૮ પર વિજય મેળવીને ભાજપ સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસનું મુખ્ય પ્રતિદ્વંદી બનીને ઉભરી આવ્યું છે. લોકસભા ચૂંટણીમાં TMCએ ૨૨ બેઠકો પર વિજય મેળવ્યો હતો જ્યારે ભાજપ તેનાથી માત્ર ૪ બેઠક દૂર રહ્યું હતું.

# પૂર્વ CJI રંજન ગોગોઈ સામેનો યૌન શોષણનો મામલો સુપ્રીમ કોર્ટે કર્યો બંધ



ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને કથિત જાતિય સતામણીમાં ફસાવવા માટેના કેસને પડતો મૂક્યો છે. પૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ આ ષડયંત્ર હોવાના રિપોર્ટને આધારે કેસમાં તપાસની પ્રક્રિયા બંધ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ વિરુદ્ધ આ એક ષડયંત્ર હોવાની સંભાવનાનો ઈનકાર કરી શકાય નહીં. આ પ્રકારના ષડયંત્રને જસ્ટિસ ગોગોઈના ચુકાદાઓ સાથે જોડી શકાય છે, જેમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ ઉપર તેમના વિચારો પણ સામેલ છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે આ ચુકાદો પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટ આધારિત છે, જેમને જસ્ટિસ ગોગોઈ વિરુદ્ધના આક્ષેપોમાં એક મહત્વના ષડયંત્રની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના મતે પૂર્વ જસ્ટિસ એ કે પટનાયકના રિપોર્ટમાં ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ વિરુદ્ધ ષડયંત્રનો સ્વીકાર કરાયો છે અને તેને રદ કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના મતે આ કેસને બે વર્ષ વિત્યા છે અને ગોગોઈને ફસાવવા માટેના ષડયંત્રની તપાસમાં ઈલેક્ટ્રોનિક રેકોર્ડ પ્રાપ્ત કરવાની સંભાવના પાતળી જણાય છે. સુપ્રીમ કોર્ટના વકીલ ઉત્સવ બૈંસે પૂર્વ સીજેઆઈ રંજન ગોગોઈ પર લગાવાયેલા જાતિય શોષણના આક્ષેપો પાછળ ષડયંત્ર હોવાનો દાવો કર્યો હતો.

નોંધનીય છે કે ૨૦૧૯માં એક મહિલાએ પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ વિરુદ્ધ જાતિય શોષણનો આક્ષેપ કર્યો હતો. આ કેસમાં સુપ્રીમ કોર્ટે સુઓ મોટો હેઠળ તપાસ કરવા આદેશ આપ્યો હતો. સુપ્રીમ જે તે સમયે કહ્યું હતું કે આ આક્ષેપો ગંભીર છે અને સત્ય શું છે તેની તપાસ થવી જોઈએ. જો અમે આંખો બંધ કરી દઈશું તો દેશનો વિશ્વાસ ન્યાયતંત્ર પરથી ઉઠી જશે. ત્યારબાદ જસ્ટિસ પટનાયકને તપાસની જવાબદારી સોંપવામાં આવી હતી.

### આપણે આશા રાખીએ કે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો આવેઃ ના.મુખ્યમંત્રી

# ગુજરાતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ નહિ ઘટેઃ પટેલની સ્પષ્ટ વાત

*ગાંધીનગર,તા.૧૮*

દેશભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. નીતિન પટેલે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા અંગે કહ્યુ કે, રાજ્યમાં વેટ ઓછો હોવાને કારણે ગુજરાતની પ્રજાને અમે ભાર પડવા દીધો નથી.

પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ અંગે નીતિન પટેલે કહ્યુ કે, સૌથી પહેલા ગુજરાત સરકાર તરીકે, ગુજરાતના નાણા પ્રધાન તરીકે હું કહીશ કે આખા દેશની અંદર અત્યારે પેટ્રોલ-ડીઝલનો જે વેટ છે તેનો જે ટેક્સ છે આખા ભારતની અંદર ગુજરાતમાં ઓછો છે. મીડિયા-છાપામાં તમે જે જોવો છે અન્ય રાજ્યમાં પેટ્રોલ-ડીઝલની જે કિંમતો છે તે આખા ગુજરાતમાં વેટ ઓછો હોવાને કારણે પ્રજાને ભાર પડવા દીધો નથી.”

વધુમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, બીજી જે અગત્યની વાત છે, ભારતમાં કુદરતી ક્રૂડ ઓઈલ વગેરે તેલ મળવાનું મર્યાદિત પ્રમાણમાં છે. ગઈકાલે વડાપ્રધાન મોદીએ જે માહિતી જાહેર કરી તે પ્રમાણે ૮૫ ટકા કરતા વધુ ક્રૂડ ઓઈલ પ્રદેશથી આયાત કરવુ પડે છે. આવા સંજોગોમાં જે પહેલા ૫૧-૫૨ ડોલર બેલરની કિંમત હતી તે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ભાવ વધારો થયો તે ૬૦ ડોલરથી વધુ થઈ છે એટલે સ્વાભાવિક છે કે તેની કિંમતમાં વધારો થયો છે. કોરોનાની મહામારીમાં સરકારોની આવક આખા દેશમાં ઘટી ગઈ પછી તે ભારત સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, પછી જે ખુબ મોટો ખર્ચો થયો, તેને ધ્યાનમાં રાખી વડાપ્રધાને બજેટમાં નિર્મલા સીતારમણે ખેડૂતોને મદદરૂપ થવા કૃષિ ઉત્પાદનમાં ભાવ સારા મળે તે માટે સેસ રાખી છે તેમાં પેટ્રોલ-ડીઝલ પણ આવે છે, સામે ભારત સરકારે એક્સાઈઝ જે હતી ક્રૂડ અને પેટ્રોલ-ડીઝલ કે ગેસ ઉપરની તેમાં ઘટાડો કરી દીધો છે એટલે પ્રજા પર કોઈ સીધો બોઝો એક્સાઈઝનો વધારાનો આવ્યો નથી. હું ચોક્કસ કહી શકું કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે ક્રૂડના ભાવ વધ્યા તે પેરેરલ આ ભાવ વધ્યા છે. આપણે આશા રાખીયે કે ક્રૂડ ઓઈલમાં આ ભાવ ઘટાડો ઝડપથી આવે.

નીતિન પટેલે વધુમાં કહ્યુ કે, વડાપ્રધાને કહ્યુ તેનો સ્પષ્ટ અર્થ છે, આપણે પરદેશી તેલની આયાત ઉપર નિર્ભર રહીયે તે ચાલે નહી. વડાપ્રધાને સોલાર એનર્જીનું કામ મોટાપાયે શરૂ કર્યુ છે. ગુજરાતમાં પણ આપણે ૩૦ હજાર મેગાવોટ કરતા મોટા સોલાર પ્લાન્ટ નાખી રહ્યા છીએ, તેમાંથી વિજળી આવે તે સ્વાભાવિક છે કે પેટ્રોલ-ડીઝલના પ્લાન્ટ ચાલતા હોય તે સોલાર ઉપર ચાલે, એની ખપટ ઘટે, બહારથી આયાત ઓછુ કરવુ પડે, કિંમતી વિદેશી હુંડિયામણ ઘટાડી શકાય. આ બધુ અગાઉ યુપીએ સરકારે કર્યુ હોય તો આટલુ તેલ આયાત ના કરવુ પડ્યુ હોત. વડાપ્રધાનનું વિધાન સમજવુ જોઈએ, વડાપ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ચારણકા અને બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં સોલાર પ્લાન્ટ રાખ્યા હતા. અત્યારે પણ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ૩૦ હજાર મેગાવોટ કરતા વધુ સોલાર વિજળીનું ઉત્પાદન આપણે કરી રહ્યા છીએ. ઘરે ઘરે નાગરિકો સોલાર રૂફટોપનો ઉપયોગ કરે તે માટે સબસિડી પણ આપીયે છીએ. નીતિન પટેલને જ્યારે પૂછવામાં આવ્યુ કે તમે આંતરરાષ્ટ્રીય માર્કેટની વાત કરો છો, યુપીએ સરકારના સમયમાં ક્રૂડ ઓઈલના ભાવ બેરલના ૧૩૦ ડોલર હતા અને અત્યારે ૬૦ ડોલર ભાવ છે. નાયબ મુખ્યમંત્રીએ જવાબ આપતા કહ્યુ કે, યુપીએ સરકારનો વહિવટ તે લોકોએ કર્યો, તેમણે જ ખબર, કહીને વાતને હસી કાઢી પોતાનો બચાવ કર્યો હતો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યાઃ૨૬૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૨૬૬૨૯૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુઃ ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા :૨૭૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૨૬૦૨૯૮**

# અચ્છે દિન યથાવત! સતત દસમા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૧૮

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તેજી જોવા મળી રહી છે. લંડન એક્સપ્રેસમાં બ્રેંટ ક્રૂડનો ભાવ ૬૪ ડૉલર પ્રતિ બેરલને પાર કરી ગયો છે. બીજી તરફ સ્થાનિક બજારોમાં આજે સતત ૧૦મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આગ લાગેલી જોવા મળી રહી છે. ગુરુવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૪ પૈસા પ્રતિ લીટર વધીને ૮૯.૮૮ રૂપિયા પર આવી ગયું. ડીઝલ પણ ૩૨ પૈસાના છલાંગ સાથે ૮૦.૨૭ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું. હાલમાં લગભગ દરેક શહેરમાં બંને ઈંધણોના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યા છે.

વિદેશી કરન્સી દરોની સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડનો ભાવ શું છે, તેના આધારે રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમીશન અને અન્ય ચીજો જોડ્યા બાદ આ ભાવ લગભગ બે ગણા થઈ જાય છે. નોંધનીય છે કે રોજ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર થાય છે. સવારે ૬ વાગ્યાથી જ નવા દર લાગું થઈ જાય છે.

# ડિઝલના ભાવ મુદ્દે ૨૬ ફેબ્રુઆરીએ ૧ કરોડ ટ્રકોના પૈડા થંભી જશે

ન્યુ દિલ્હી,તા.૧૮

ડીઝલના ભડકે બળતા ભાવો, ઈ-વે બિલ સંબંધિત મુદ્દાઓ અને સ્ક્રેપિંગ પોલિસી વગેરે બાબતે ટ્રાન્સપોર્ટર્સની હડતાળ વચ્ચે હવે આ મામલો બે ભાગોમાં વહેંચાઈ રહેલો જણાઈ રહ્યો છે. એક તરફ ધ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટર્સ કોંગ્રેસએ પહેલા પોતાની વિવિધ માંગણીઓને લઈ સરકારને ૧૪ દિવસનો સમય આપ્યો હતો અને દેશવ્યાપી હડતાળ પર ઉતરવાની જાહેરાત કરી હતી.

ત્યારે, વ્યાપારિક સંગઠન કંફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ અને ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલફેર અસોશિએશનએ તેનાથી અલગ ૨૬મી ફેબ્રુઆરીએ એક દિવસના ભારતબંધની જાહેરાત કરી છે. આ રીતે હવે બે હડતાળનું આયોજન થઈ રહ્યું છે જેમાં પહેલી હડતાળ ૨૬મી ફેબ્રુઆરીએ યોજાશે તે ચોક્કસ છે જ્યારે બીજી હડતાળ માંગણીઓ પૂર્ણ ન થાય તે સ્થિતિમાં થોડા દિવસો બાદ યોજાશે.

એઆઈએમટીસીએ પોતાની માંગણીઓ પૂર્ણ ન થવાની સ્થિતિમાં દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી હતી પરંતુ તે ૨૬મી ફેબ્રુઆરીની દેશવ્યાપી હડતાળથી સ્પષ્ટપણે અલગ થઈ ગયું છે. એઆઈએમટીસીના મહાસચિવ નવીન કુમાર ગુપ્તાએ ઈ-વે બિલ મુદ્દે ૨૬મી ફેબ્રુઆરીની એક દિવસની હડતાળને માત્ર કેટલાક લોકોનો નિર્ણય ગણાવ્યો છે. સાથે જ તે દિવસે તેમના ૯૫ લાખ ટ્રક દેશભરમાં કામ ચાલુ રાખશે, સપ્લાય કરશે અને તમામ પરિવહન કંપનીઓના બુકિંગ કાર્યાલયો ખુલ્લા રહેશે તેમ જણાવ્યું હતું.

સીએઆઈટીના મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે તેમની માંગણીઓને ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટર્સ વેલફેર અસોશિએશનનું સમર્થન મળ્યું હોવાની માહિતી આપી હતી. દેશના ૧ કરોડ કરતા પણ વધારે ટ્રાન્સપોર્ટર્સ અને કુરિયર કંપનીઓ ટ્રાન્સપોર્ટના સદસ્ય છે અને ૨૬મી ફેબ્રુઆરીએ આટલા ટ્રકના પૈડાંઓને બ્રેક વાગી જશે.

## તંત્રી સ્થાનેથી...

# ત્રીજા પક્ષનો પ્રવેશ ઠુકરાવતુ ગુજરાત શું આમ આદમી પાર્ટીને સ્વિકારશે....?

દેશમાં કોરોના કેસોમા ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે.તો નહિવત પ્રમાણમાં નવા કેસો પણ સામે આવી રહ્યા છે. બીજી તરફ બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વોરિએન્ટની ભારતમાં એન્ટ્રી થઇ ગઇ છે જે ઘણો જ ખતરનાક હોવાનું નિષ્ણાતો કહી રહ્યા છે. યુકેના સ્ટ્રેનની જેમ દક્ષિણ આફ્રિકાનો સ્ટ્રેન પણ ઝડપથી ફેલાવા સાથે યુવાનોને પણ પોતાની ચપેટમાં લઈ લે છે ત્યાની સરકારનું કહેવું છે કે એસ્ટ્રાજેનેકા-ઓક્સફર્ડ રસીમાં સ્ટ્રેન સામે લડવાની ક્ષમતા ઓછી છે અને આ કારણે દક્ષિણ આફ્રિકાની સરકારે ભારતની રસીનો ઉપયોગ બંધ કરી દીધો છે. આ નવો રોગ યુવાનોને પણ ચપેટમાં લઇ લે છે એટલા માટે સરકારની ચિંતા વધી છે.... અને બ્રાઝિલ દક્ષિણ આફ્રિકાથી આવતા મુસાફરો માટે આરટી પીસીઆર તપાસ કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. કર્ણાટક સરકારે આ બંને દેશોમાંથી આવતા પ્રવાસીઓ માટે આરટી પીસીઆર તપાસ અને ૧૪ દિવસ માટે ક્વોરન્ટાઈન ફરજિયાત કર્યું છે. મહારાષ્ટ્રમાં અચાનક કોરોના કેસો વધવા લાગ્યા છે તો કર્ણાટકના બેંગલૂરની એક કોલેજમાં ૪૦ વિદ્યાર્થી કોરોનાની ચપેટમાં આવી ગયા છે જેમાંથી ૧૮ ને હોસ્પિટલાઈઝ કરવામાં આવ્યા છે. તો પંજાબના ચૌતાનની શાળામાં ૧૫ વિદ્યાર્થી એક શિક્ષક અને પટાવાળા મળીને ૧૭ કોરોનાની ચપેટમાં આવી જતા હડકંપ મચી ગયો છે... અને આવા સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજવા જઇ રહી છે ત્યારે સભાઓ,રેલીઓ,દોડશો,મતદારોની મુલાકાતે ટોળામાં નિકળતા નેતાઓ, ઉમેદવારો, પ્રચારકો અને કાર્યકરો કોરોના નિયમોના ધજીયા ઉડાડતા જોવા મળે છે... મોઢા પર માસ્ક જ ધારણ કરેલા હોતા નથી. રાજ્યના મુખ્યમંત્રી સહિત અગ્રણી નેતાઓ કોરોનાની ચપેટમાં આવી ગયા છતાં કાર્યકરો અને નેતાઓ કોઈ ગંભીર નથી બન્યા..... એટલે મતદારો- પ્રજા તો ભગવાન ભરોસે જ.....!! જ્યારેક ચૂંટણી પંચે ગઈકાલે કોરોના નિયમ પાળવા તાકીદ કરી પરંતુ ચૂંટણી પ્રચાર કરતુ લાવ- લશ્કર માનશે કે કેમ...?કારણ આજ સુધી કોરોના નિયમનો અમલ કરવાથી દૂર રહ્યા છે....!બીજી તરફ પોલીસ તંત્રને આવું કંઈજ દેખાતું નથી અને કોઈ કાર્યક્રમ હોય ત્યાં ત્રાટકી પડે છે આને શું કહીશું....?

દેશમાં રાજસ્થાન, પંજાબ, ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થયા બાદ રાજસ્થાનમાં કોંગ્રેસે મેદાન માર્યું છે જ્યારે ભાજપને મોટી પછડાટ મળી છે. પંજાબમા ભાજપનાં સૂપડાં સાફ થઈ ગયા છે તો તેના એક સમયના સાથીદાર પક્ષ અકાલી દળને પણ ભૂડી હાર જોવાનો વારો આવ્યો છે. ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપમાં ઉમેદવારોની પસંદગી સામે મોટા પ્રમાણમાં વિરોધ વંટોળ ઉઠવા પામ્યો છે અને મારામારીથી લઈને રાજીનામા આપવા સુધીની ઘટનાઓ બની છે. તો અહી પક્ષપલટો મોટા પ્રમાણ માં થયો છે..... મતલબ ખૂદ રાજકીય પક્ષોજ પક્ષ પલટુઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.ભાજપ-કોંગ્રેસ બંને પક્ષની આંતરિક ઘટનાઓને લઈને મોંઘવારીના માર વચ્ચે પીસાઈ રહેલી પ્રજા બંને પક્ષને નફરત કરવા લાગી છે....! આવા સમયે પ્રજા આમ આદમી પાર્ટી તરફ વળવા લાગી છે. જેના પરિણામ છે સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદમાં દિલ્હીમાં મહિલાઓને બસ ફ્રી સેવા, સારુ શિક્શણ અને આધુનિક શાળાઓ સાથે ફ્રી શિક્ષણ, હોસ્પિટલ ઓપરેશન દવા ફ્રી, વીજળી-પાણી ફ્રી કરી આપનારઙ આમ આદમી પાર્ટીને જબરદસ્ત આવકાર મળ્યો છે. "આપ"ની તમામ સભાઓ, રેલીઓ, મતદાર સંપર્ક સાચા અર્થમાં સફળ રહ્યા છે.. પરંતુ આપ માટે એટલો સવાલ છે કે શું તે મતદારોના મત પોતાની તરફ વાળી શકશે....? ભાજપને મોટી તકલીફ સુરતમાં "આપ"એ ઊભી કરી છે અને આ સમયમા ભાજપે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીને ચૂંટણી પ્રચાર માટે મેદાનમા ઉતાર્યા છે. તેમની સભામાં તેઓ રાહુલ અને કોંગ્રેસ વિરૂધ્ધની વાતો કરે છે પરંતુ સ્થાનિક પ્રશ્નોનો ઉલ્લેખ કરતા નથી. બીજી તરફ તેમની સભાઓમાં પાંખી હાજરી રહે છે.જ્યારે કે રાંધણગેસ સિલિન્ડરમાં ૧૦૦ રૂપિયાનો વધારો, પેટ્રોલ- ડિઝલમાં ભાવ વધારો થયો છે, મોંઘવારી બેહદ છે જ્યારે કે ડો મનમોહનજી ની સરકારમાં સ્મૃતિ ઈરાનીજીએ ગેસ સિલીન્ડર સાથે જે વિરોધ કરેલ તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યા છે. તો વિધાન સભા વિપક્ષ કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી રાધણ ગેસ સિલિન્ડર પર બેસી ભાષણો કરે છે અને પ્રચાર કરે છે. તો ઉમેદવાર સાથે કાર્યકરો પેટ્રોલ- ડિઝલના ભાવ વધારાના વિરોધમાં સાયકલ પર નીકળીને પ્રચાર કરી રહ્યા છે.... છતાં એક બાબત સ્પષ્ટ છે કે પ્રજા માનસ બદલાયું લાગે છે કારણ "આપ"ને જબરદસ્ત આવકાર મળવા લાગ્યો અને આવકારણે ભાજપ-કોંગ્રેસની ઊંઘ હરામ થઈ ગઈ છે.....!?!

## આઈપીએલ હરાજીઃ રાજસ્થાન રૉયલ્સે મોરિસને ૧૬.૨૫ કરોડમાં ખરીદ્યો

# ક્રિસ મૉરિસ બન્યો આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી




### બેંગ્લોરે મેક્સવેલને ૧૪.૨૫ કરોડમાં તો કાયલે જેમિસનને ૧૫ કરોડમાં ખરીદ્યો ઓફ સ્પિનર કૃષ્ણપ્પા ગૌતમને સીએસકેએ ૯.૨૫ કરોડમાં ખરીદ્યો

*ચેન્નાઈ,તા.૧૮*

સાઉથ આફ્રીકાના ઓલરાઉન્ડર ક્રિસ મૉરિસે આઈપીએલ ઓક્શનમાં ઈતિહાસ રચ્યો છે. ૩૩ વર્ષના મૉરિસને રાજસ્થાન રોયલે ૧૬.૨૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે. આ સિવાય એલેક્સ હેલ્સ, જેસન રોય, એવીન લુઈસ અને એરન ફિંચ જેવા ખેલાડી પર કોઈએ બોલી નહોતી લગાવી.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમે ગ્લેન મેક્સવેલને ૧૪.૨૫ કરોડ રૂપિયાની માતબર રકમે પોતાની ટીમમાં શામેલ કર્યો છે. IPL ૨૦૨૦મા ગ્લેન મેક્સવેલે કંઈ ખાસ કમાલ કર્યો નહોતો. મેક્વેલ પર ચેન્નાઈ અને બેંગ્લોર સામે સામે ટકરાઈ હતી.

મૉરિસે યુવરાજને પણ પાછળ છોડી દીધો છે. મૉરિસ આઈપીએલનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. યુવરાજને દિલ્હી ડેરડેવિલ્સે ૨૦૧૫માં ૧૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સાથે જ આ આફ્રીકી ધુરંધર વિરાટ કોહલી બાદ આઈપીએલમાં સૌથી વધુ સેલેરી લેનાર ખેલાડી બની ગયો છે. ડેવિડ મલાનને કિંગ્સ ઈલેવન પંજાબે ૧.૫૦ કરોડમાં ખરીદ્યો છે.

રેલિ મેરેડિથને પણ લોટરી લાગી હતી. તેની બેઝ પ્રાઈઝ ૪૦ લાખ રૂપિયા હતા પરંતુ તેને પંજાબ કિંગ્સે ૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જ્યારે કાયલે જેમિસનને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૧૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ટોમ કર્રનને ૫.૨૫ કરોડમાં દિલ્હી કેપિટલ્સે ખરીદ્યો હતો.

કર્ણાટકના ઓફ સ્પિનર કૃષ્ણપ્પા ગૌતમને ૯.૨૫ કરોડ રૂપિયામાં ચેન્નઈ સુપરકિંગ્સે ખરીદ્યો. ગૌતમ આઈપીએલના ઈતિહાસનો સૌથી મોંઘો અનકેપ્ડ ખેલાડી બન્યો. જ્યારે ચેન્નાઈના ૨૫ વર્ષીય બેટ્સમેન શાહરુખ ખાનને પંજાબ કિંગ્સે ૫.૨૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો. ચેન્નઈ સુપર કિંગ્સે ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર મોઈન અલીને ૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

RCB ના વિરાટની સેલેરી ૧૭ કરોડ રૂપિયા છે. મૉરિસે નિલામીમાં પોતાની બેઝ પ્રાઈસ ૭૫ લાખ રૂપિયા રાખી હતી. મુંબઈ ઈન્ડિયન્સ, પંજાબ કિંગ્ઝ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પણ મોરીસને ખરીદવા માટે બોલી લગાવી પણ છેલ્લે રાજસ્થાને જ બાજી મારી લીધી. ચેતેશ્વર પુજારાને ચેન્નાઈ સુપર કિંગ્સએ ખરીદ્યો છે. તેની બેઈઝ પ્રાઈઝ ૫૦ લાખ હતી અને ૫૦ લાખમાં જ વેચાયો હતો.

ક્રિસ મૉરિસને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમે આ વર્ષે રિલીઝ કરી દીધો હતો. મૉરિસે છેલ્લી સિઝનમાં આરસીબી માટે બૉલર તરીકે શાનદાર પ્રદર્શન કર્યુ હતુ. છેલ્લી ઓવરોમાં તે પોતાની જોરદાબ બેટિંગથી કોઈ પણ બૉલરને પછાડી શકતો હતો.

ઓસ્ટ્રેલિયાના યંગ ક્રિકેટર રિચર્ડસને બધાને ચોંકાવી દીધા હતા. ઓસ્ટ્રેલિયા માટે ૯ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા જાય રિચર્ડસનને પંજાબ કિંગ્સ ટીમે ૧૪ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં શામેલ કર્યો છે. કોઈને પણ આવી આશા નહોતી કે રિચર્ડસન પર આટલી બોલી લાગશે. તેની બેઝ પ્રાઈઝ ૧.૫ કરોડ રૂપિયા હતી. પરંતુ પંજાબ અને બેંગ્લોરની ટીમે તેના પર સારી બોલી લગાવી હતી અને મોટી કિંમતમાં પંજાબ કિંગ્સે રિચર્ડસનને પોતાની ટીમમાં લઈ લીધો હતો.

# શેરબજારમાં નરમાશઃ સેન્સેક્સ ૩૭૯ પોઈન્ટ ઘટી ૫૧,૩૨૪ની સપાટીએ બંધ

મુંબઈ,તા.૧૮

ભારતીય શેરબજારમાં પ્રોફિટ બુકિંગનું પ્રેશર યથાવત્ રહેતા બેન્ચમાર્ક સેન્સેક્સ-નિફ્ટીમાં મંદીની હેટ્રિક બની છે. જો કે બધાની આશ્ચર્ય વચ્ચે પીએસયુ બેક્ર ઈન્ડેક્સ મજબૂતી સાથે આજે ૧૫ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. આજે ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ ૩૭૯ પોઈન્ટની પીછેહઠમાં ૫૧,૩૨૪ના મથાળે બંધ થયો. આજે કામકાજ દરમિયાન સેન્સેક્સ ઉપરમાં ૫૧૯૦૩ અને નીચામાં ૫૧,૧૮૬ની સપાટીને સ્પર્શ્યો હતો. તો નિફ્ટી બેન્ચમાર્ક પણ સેશન દરમિયાન નીચામાં ૧૫૦૭૮ અને ઉપરમાં ૧૫૨૫૦ ક્વોટ થઈ અંતે ૯૦ પોઈન્ટના ધોવાણમાં ૧૫૧૧૯ના સ્તરે બંધ થયો હતો. આ સાથે વિતેલા ત્રણ દિવસમાં સેન્સેક્સમાં ૮૩૯ પોઈન્ટનુ ગાબડુ પડ્યુ છે.

જો કે આ દરમિયાન સરકારી બેક્રોના શેરમાં બુલરન જોવા મળ્યુ અને આજે પીએસયુ બેક્ર ઈન્ડેક્સ ૧૫ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો. એનએસઈ ખાતે નિફ્ટી પીએસયુ બેક્ર ઈન્ડેક્સ આજે ૨૬૨૧ની ઈન્ટ્રા-ડે ટોચને સ્પર્શ્યા બાદ ૧૩૭ પોઈન્ટની મજબૂતીમાં ૨૫૮૮ બંધ થયો હતો. તેના તમામ ૧૨ પીએસયુ બેક્ર સ્ટોક વધ્યા હતા જેમાં સેન્ટ્રલ બેક્ર ૨૦ ટકા, આઈઓબી ૨૦ ટકા, બેક્ર ઓફ બરોડા ૧૩.૨ ટકા, બેક્ર ઓફ ઈન્ડિયા ૧૦ અને યુનિયન બેક્રના શેર ૧૦ ટકા વધ્યા હતા.

બેન્ચમાર્ક સેન્સેક્સના ૩૦માંથી ૧૮ બ્લુચિપ સ્ટોક ઘટ્યા હતા. જેમાં એચડીએફસી, નેસ્લે ઈન્ડિયા, મહિન્દ્રા-મહિન્દ્રા, કોટક બેક્ર અને બજાજ ફાઈનાન્સના શેર ૨.૧થી અઢી ટકા ઘટીને ટોપ-૫ લૂઝર બન્યા હતા. તો સામે ઓએનજીસી ૮.૩, એનટીપીસ ૪.૧ ટકા, એશિયન પેઈન્ટ્સ ૩.૪ ટકા, ટેક મહિન્દ્રા ૩ ટકા, પાવરગ્રીડ ૨.૮ ટકાની તેજી સાથે ટોપ-૫ ગેઈનર બન્યા હતા. તેવી જ રીતે બેન્ચમાર્ક નિફ્ટી ઈન્ડેક્સના આજે ૫૦માંથી ૨૭ બ્લુચિપ સ્ટોક ઘટ્યા હતા. બોર્ડર માર્કેટમાં આજે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ સાધારણ વધ્યા હતા. સેક્ટોરિયલ ઈન્ડાઈસિસમાં ઓઈલ-ગેસ ઈન્ડેક્સ સૌથી વધુ ૪.૨ ટકા વધ્યા હતા જેનું કારણ પેટ્રોલ-ડીઝલના વધી રહેલા ભાવથી કંપનીઓની આવક અને નફામાં જંગી વધારો થવાની આશા છે. તો પાવર ઈન્ડેક્સમાં ૨.૮ ટકાની તેજીનો કરંટ હતો. ઉપરાંત મેટલ ઈન્ડેક્સ સવા ટકા મજબૂત થયો હતો. તો બીજી બાજુ ફાઈનાન્સ ઈન્ડેક્સ ૧ ટકા, ઓટો ઈન્ડેક્સ ૧.૪ ટકા, બેક્રેક્સ ૧.૨ ટકા નરમ હતો.

આજે વિકલી એક્સપાયરીના લીધે પણ બજારમાં એકંદરે નરમાઈનો માહોલ હતો. શેરબજારમાં મંદીના માહોલ વચ્ચે આજે બીએસઈની માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે ગુરુવારે ૧૬૪૧ શેર વધીને બંધ થયા હતા. જ્યારે બીજી બાજુ ૧૩૨૯ કંપનીના શેર ઘટીને બંધ થયા હતા. આજે સેન્સેક્સ ઘટ્યો હોવા છતાં પણ બીએસઈ ખાતે લિસ્ટેડ તમામ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશન આજે ૩૩ હજાર કરોડ રૂપિયા વધીને ૨૦૫.૯૩ લાખ કરોડ રૂપિયા થઈ છે.

# જમ્મુ-કાશ્મીરમાં સેનાને મોટી સફળતાઃ જંગલોમાંથી મોટી માત્રામાં હથિયારો મળ્યા

ન્યુ દિલ્હી,તા.૧૮

જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાનું આતંકવાદીઓ વિરૂદ્ધનું અભિયાન સતત ચાલું જ છે અને ફરી એક વખત સુરક્ષા દળોને આ અભિયાનમાં મોટી સફળતા હાથ લાગી છે. રિયાસી જિલ્લાના ગાઢ જંગલોમાંથી સેનાને હથિયારોનો મોટો જથ્થો મળી આવ્યો હતો જેને જપ્ત કરવામાં આવ્યો છે.

ભારતીય સેના અને જમ્મુ કાશ્મીર પોલીસે ૧૭ અને ૧૮ ફેબ્રુઆરીના રોજ એક સંયુક્ત અભિયાન ચલાવ્યું હતું જેમાં હથિયારોનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો. સુરક્ષા દળોને ૧૭મી ફેબ્રુઆરીની સાંજે કેટલીક શંકાસ્પદ ગતિવિધિની જાણકારી મળી હતી જેથી ઓપરેશનની શરૂઆત કરવામાં આવી હતી. ઓપરેશન દરમિયાન એકે-૪૭ રાઈફલ, એસએલઆર રાઈફલ, ૩૦૩ રાઈફલ, મેગેઝીન સાથે ૨ પિસ્તોલ, ૪ યુબીજીએલ ગ્રેનેડ, એકે-૪૭ના કારતૂસો અને રેડિયો સેટનું એક બોક્સ મળી આવ્યું હતું.

આ તરફ જમ્મુ કાશ્મીર એસઓજીના ૭ અધિકારીઓ અને વિશેષ પોલીસ અધિકારી ઘાટીમાં નવા આતંકવાદી સંગઠનની રડાર પર છે જેને લઈ ગુપ્તચર એજન્સીઓએ સુરક્ષાસંબંધી ચેતવણી આપેલી છે. એજન્સીના અહેવાલ પ્રમાણે કાશ્મીર લિબરેશન વોરિયર્સ નામના એક નવા આતંકવાદી સંગઠને ગત મહિને ટેલિગ્રામ એપ પર જમ્મુ કાશ્મીર પોલીસને ઉદ્દેશીને ધમકીભર્યો પત્ર 'શહીદ નાઈકૂ મીડિયા ગ્રુપ'માં પોસ્ટ કર્યો હતો.

# બંગાળમાં ચૂંટણી લોહીયાળ બનીઃ ટીએમસીના શ્રમ મંત્રી જાકિર હુસૈન પર બોમ્બથી હુમલો



કોલકાત્તા,તા.૧૮

બંગાળમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેની સાથે જ રાજકારણનો લોહીયાળ ખેલ પણ ઉગ્ર બની રહ્યો છે. થોડા દિવસો પહેલા ભાજપના એક નેતા પર બોમ્બ અને ગોળીઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે હવે બુધવારે મોડી રાતે કોલકાતા આવતી વખતે મુર્શિદાબાદના નિમતિતા સ્ટેશન પાસે પ્રાંતના શ્રમ રાજ્યમંત્રી જાકિર હુસૈન પર બોમ્બ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હાલ તેમને કોલકાતાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની સ્થિતિ સ્થિર છે. તેમના હાથ-પગ અને શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચેલી છે. આ હુમલામાં મંત્રી સહિત કુલ ૨૨ લોકોને ઈજાઓ પહોંચી છે જે પૈકીના ૭ની સ્થિતિ ગંભીર છે.

જાણવા મળ્યા મુજબ મંત્રી ટ્રેન પકડવા માટે સ્ટેશન જઈ રહ્યા હતા. ગાડીમાંથી બહાર આવીને તેઓ ટ્રેન પકડવા માટે પ્લેટફોર્મ નંબર-૨ તરફ આગળ વધ્યા ત્યારે અચાનક જ તેમના પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. તે સમયે તેમના કેટલાક સમર્થકો અને સહયોગીઓ પણ તેમના સાથે હતા અને તેઓ જાકિર હુસૈન જિંદાબાદના નારા લગાવી રહ્યા હતા.

જાકિર હુસૈન પરના હુમલા બાદ ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ હતી. હાલ પોલીસ કોણે અને કયા કારણે હુમલો કર્યો તપાસ કરી રહી છે અને ઘટના સ્થળની આસપાસના રેલવેના ક્લોઝ સર્કિટ કેમેરાની મદદથી બદમાશોને ઓળખવાની વિધિ હાથ ધરવામાં આવી છે.

તૃણમૂલ કોંગ્રેસના સૂત્રો દ્વારા મળતા અહેવાલો પ્રમાણે જાકિર હુસૈને જિલ્લાના પશુ તસ્કરો વિરૂદ્ધ રાજ્ય સરકારને લેખિત ફરિયાદ કરી હતી. ક્ષેત્રના કેટલાક વેપારીઓ સાથે પણ તેમનો વિવાદ ચાલી રહ્યો હતો જેથી તેઓ લાંબા સમયથી ટાર્ગેટ પર હતા. તે સિવાય જાકિર હુસૈનના અંગત ગણાતા લોકોના કહેવા પ્રમાણે જિલ્લામાં પાર્ટીના જ કેટલાક નેતાઓ સાથે તેમને ખટરાગ હતો. થોડા દિવસો પહેલા જાકિર હુસૈને રઘુનાથગંજ થાણામાં પોતાના પર હુમલો થઈ શકે છે તેવી ફરિયાદ પણ નોંધાવી હતી.

શ્રમ રાજ્યમંત્રી ઝાકિર હુસૈન પર થયેલા જીવલેણ હુમલા બાદ મમતા બેનરજીએ કેન્દ્રની મોદી સરકાર પર ગંભીર આરોપ લગાવ્યા છે.

## વિશ્વ પ્રસિદ્ધ બદ્રીનાથ ધામના કપાટ ૧૮મી મેના રોજ ખૂલશે

કેદારનાથ,તા.૧૮

વિશ્વ પ્રસિદ્ધ શ્રીબદ્રીનાથ ધામના કપાટ આ વર્ષે ૧૮મી મેના રોજ ખૂલશે. આ તારીખે બદ્રીનાથ ધામના કપાટ શ્રદ્ધાળુઓ માટે સાંજે સવા ચાર વાગ્યે ખૂલશે. વસંત પંચમી પર નરેન્દ્ર નગર સ્થિત રાજ પરિવારના તીર્થ પુરોહિતોએ બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની જાહેરાત વિધિ-વિધાન અને પૂજા પાઠની સાથે કરી. શ્રી બદ્રીનાથ ધામના કપાટ ખોલવાની જાહેરાત નરેન્દ્ર નગર રાજ મહેલથી ટિહરી નરેશ મનુજેંદ્ર શાહે કરી છે.

ઉત્તરાખંડના ચારધામ દેવસ્થાનમ મેનેજમેન્ટ બોર્ડના સૂત્રોએ કહ્યું કે ભગવાન વિષ્ણુને સમર્પિત બાબા બદ્રીનાથ ધામના કપટા નક્કી તારીખને બ્રહ્મ મુહૂર્તમાં ૪:૧૫ વાગ્યે ખોલાશે. આપને જણાવી દઈએ કે ૧૯મી નવેમ્બરના રોજ શિયાળામાં બદ્રીનાથના કપાટ બંધ થયા હતા. દર વર્ષે ઠંડીની સીઝનમાં ભગવાન બદ્રીનાથના કપાટ બંધ કરી દેવામાં આવે છે.

જ્યારે ફરીથી ભગવાન બદ્રીનાથના કપાટ ખૂલે છે તો મંદિરમાં દર્શન માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ અહીં આવે છે. આ હિન્દુઓના ચાર મહત્વપૂર્ણ ધામોમાંથી એક છે. કોરોના સંકટના લીધે આ યાત્રા સાથે જોડાયેલી ગાઈડલાઈન્સ પણ ટૂંક સમયમાં રજૂ કરી શકાય છે. યાત્રાના રજીસ્ટ્રેશનને લઈ પણ ટૂંક સમયમાં જ નવી માહિતી મળી શકે છે.

# ઉ.પ્રદેશના ઉન્નાવમાં ચારો લેવા ગયેલી ત્રણ દલિત બહેનોમાંથી બેનાં મોત, એક ગંભીર

ઉન્નાવ,તા.૧૮

ઉત્તરપ્રદેશમાં ઉન્નાવ જિલ્લાના બબુરાહા ટોલા ગામમાં બુધવારે ખેતરમાં શંકાસ્પદ હાલતમાં બેભાન મળેલી ત્રણ બહેનોમાંથી બેનાં મોત થઈ ગયાં. ત્રીજી છોકરીની હાલત ગંભીર છે. ત્રણેય એક જ દુપટ્ટાથી બંધાયેલી હાલતમાં મળી હતી. મોઢામાંથી ફીણ નીકળી રહ્યું હતું. જેને જોતાં પોલીસ પોઈઝનિંગની આશંકા વ્યક્ત કરી છે. આ ઘટના અંગે આખા ગામમાં ગુસ્સો છે. એવામાં અહીં મોટી સંખ્યામાં પોલીસફોર્સ તહેનાત કરાઈ છે. આ મામલા અંગે હવે પીડિત પરિવારે સીબીઆઈ તપાસની માંગ કરી છે. ન્યાય માંગવા માટે ઘણા લોકો ધરણા પર બેસી ગયા છે.

આ બધાની વચ્ચે વિસ્તારના લોકો ગામમાં ધરણા પર બેસી ગયા છે. તેમની માંગ છે કે પરિવારજનોને પોલીસ સ્ટેશનમાં ન બેસાડવામાં આવે, પરિવારને ન્યાય આપવામાં આવે. લોકોનો આરોપ છે કે પરિવારને કોઈને મળવા દેવાતા નથી. જો કે, ઉન્નાવ પોલીસે ટ્વીટ કરીને આ તમામ આરોપોને ફગાવી દીધા છે.

પરિવારના લોકોના નિવેદનમાં વિરોધાભાસ છે, એટલા માટે પોલીસ એ પ્રમાણે પણ જોઈ રહી છે કે શું અલગ અલગ સમય પર લોકોના પહોંચવાના કારણે નિવેદનમાં ફેર છે કે પછી પરિવારજનો જ સામેલ છે. પોલીસે આખા ખેતરને ઘેરી લીધું છે. ફોરેન્સિકની ટીમ પુરાવા ભેગા કરીને લઈ ગઈ છે. જેનાથી ઘટના વિશે જાણી શકાય.

ઉન્નાવના એસપીના જણાવ્યા પ્રમાણે, આ મામલામાં તપાસ ચાલી રહી છે. હાલ એક છોકરીની માતાએ જણાવ્યું કે, તેમની દીકરીઓના હાથ પગ નહોતા બાંધેલા, જયારે એક છોકરીના કાકાએ કહ્યું કે, છોકરીઓના હાથ પગ બાંધેલા હતા. અમે તમામ પાસાઓની તપાસ કરી રહ્યાં છીએ.

# મહારાષ્ટ્રના અમરાવતી અને યવતમાલ જિલ્લામાં કોરોના કેસો વધતાં લોકડાઉન લદાયું

મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા કેસને જોતા આખરે સૌથી વધારે પ્રભાવિત થયેલા યવતમાલ અને અમરાવતી જિલ્લામાં ફરી લોકડાઉન લગાવવાની જાહેરાત થઈ છે. હવે જિલ્લામાં ૨૮ ફેબ્રુઆરી સુધી લોકડાઉન રહેશે. યવતમાલના જિલ્લા અધિકારી દેવેન્દ્ર સિંહે આ નિર્ણય લીધો છે. યવતમાલમાં કોરોના દર્દીઓની સંખ્યા ઘણી વધી ચુકી છે. જિલ્લામાં ડિસેમ્બર મહિનાથી લઈને ૨૯ જાન્યુઆરી સુધી ૨૫ દર્દીઓના મોત થયા હતા, પરંતુ ફેબ્રુઆરી મહિનામાં આ આંકડો ઘણો વધી ચુક્યો છે.

યવતમાલ, પંઢરકવડા અને પુસદમાં કોરોના દર્દીઓની સંખ્યા સૌથી વધારે છે. આ ત્રણેય જગ્યા પર દરરોજ ૫૦૦ની આસપાસ દર્દીઓ મળી રહ્યા છે. આ હિસાબે આ ત્રણેય જગ્યાના રોજના ૧૫૦૦ દર્દીઓની તપાસ કરવી જરૂરી છે. જિલ્લા હૉસ્પિટલમાં વધતા મોતના આંકડાને જોતા ડીન પાસે ડેથ રિપોર્ટ પણ માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાનગી હૉસ્પિટલોમાં પણ કોરોનાથી થનારા મોતોનો ઑડિટ રિપોર્ટ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. જિલ્લા અધિકારીએ જણાવ્યું કે હાઈ રિસ્ક અને લો રિસ્ક એરિયા પ્રમાણે શહેરમાં લૉકડાઉન લગાવવામાં આવ્યું છે.મહારાષ્ટ્રમાં ગત ૨૪ કલાકમાં ૪૭૮૭ નવા કેસ સામે આવ્યા છે. તો રાજ્યમાં અત્યાર સુધી કુલ દર્દીઓની સંખ્યા ૨૦,૭૬,૦૯૩ સુધી પહોંચી ગઈ છે.

# ટૂલકિટ કેસઃ આરોપી દિશા રવિએ દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો

ન્યુ દિલ્હી,તા.૧૮

કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલ ખેડૂત આંદોલન વચ્ચે ટૂલકિટ મામલે તૂલ પકડી લીધુ છે. ખેડૂત આંદોલનને ગ્લોબલ સ્તર સુધી ફેલાવવા માટે બનાવવામાં આવેલ ટૂલકિટ કેસમાં આરોપી દિશા રવિએ હવે દિલ્લી હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. દિશા રવિએ ગુરુવારે એક અરજી દાખલ કરીને કોર્ટને દિલ્લી પોલિસને એ નિર્દેશ આપવાની અપીલ કરી છે કે તે અંગત ચેટ, સંચારની કથિત સામગ્રી સહિત કોઈ પણ તપાસ સામગ્રીને મીડિયામાં લીક ન કરે.

ઉલ્લેખનીય છે કે દિલ્લી પોલિસ ૨૬ જાન્યુઆરી, ગણતંત્ર દિવસે થયેલી હિંસાની તપાસ કરી રહી છે. આ મામલા સાથે સંબંધિત એક સીનિયર પોલિસ અધિકારીએ કહ્યુ કે ટૂલકિટ મામલો લીક થવાથી હિંસાની પાછળ ઈન્ટરનેશનલ ષડયંત્રના ચોંકાવનારા પુરાવા મળ્યા છે. આ કેસમાં ઘણા મોટા નામ પણ સામે આવી રહ્યા છે. ટૂલકિટ ભૂલથી લીક ન થઈ હોત તો ભારત સામે આંતરરાષ્ટ્રીય ષડયંત્રની તપાસ અમારા માટે પડકાર સાબિત થઈ જાત. અધિકારીના જણાવ્યા મુજબ ટૂલકિટ તપાસમાં જાણવા મળ્યુ છે કે આનુ કનેક્શન ટ્વિટર, ટૂલકિટ અને ટેલીગ્રામથી થઈને ખાલિસ્તાન અને હવે પાકિસ્તાન સુધી પહોંચી ગયુ છે.

# ત્રિપુરાના મુખ્યમંત્રીએ હાવર્ડ યુનિવર્સિટીને અમેરિકાના બદલે ઈંગ્લેન્ડની ગણાવી..!!

અગરતલા,તા.૧૮

થોડા વર્ષો પહેલા બિહાર બોર્ડની પરીક્ષાનું પરિણામ સામે આવ્યા બાદ ૧૨મા ધોરણની ટોપર રૂબી રાયના સામાન્ય જ્ઞાને દેશભરમાં ચર્ચા જગાવી હતી. આટ્ર્સ સ્ટ્રીમની રૂબીએ જમવા બનાવવાને પોલિટિકલ સાયંસ જણાવી દીધું હતું. હવે રૂબી રાયની માફક જ ત્રિપુરાના મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબના જનરલ નોલેજે ફજેતી કરાવી છે.

બિપ્લબ કુમાર દેબે દુનિયાભરમાં જાણીતિ હાવર્ડ યૂનિવર્સિટીને અમેરિકાના બદલે ઈંગ્લેન્ડની ગણાવી દેતા ભારે ફજેતી થઈ છે. દેબે કહ્યું હતું કે, જ્યારે આપણે ઈંગ્લેન્ડ કે લંડન વિષે વિચારીયે ત્યારે કેમ્બ્રિજ યૂનિવર્સિટી અને હાવર્ડ યૂનિવર્સિટી આપણા મસ્તિસ્કમાં ફરવા લાગે છે.

ત્રિપુરા સીમ બિપ્લબ દેબે ત્રિપુરા સેંટ્રલ યૂનિવર્સિટીમાં આયોજીત કરવામાં આવેલા એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અહીં જનસભાને સંબોધિત કરતા તેમણે આ ભાંગરો વાટ્યો હતો. અવારનવાર પોતાના ચિત્ર-વિચિત્ર નિવેદનોના કારણે ચર્ચામાં રહેતા બિપ્લબ દેબ આ વખતે કેમ્બ્રિજ યૂનિવર્સિટી અને હાવર્ડ યૂનિવર્સિટીને ઈંગ્લેન્ડ અને લંડનની ગણાવીને બરાબરના ભેરવાઈ ગયા હતાં.

તેમણે કહ્યું હતું કે, એક શહેર કે સ્થાન પોતાની યૂનિવર્સિટી દ્વારા જાણીતું થઈ શકે છે. જ્યારે આપણે ઈંગ્લેન્ડ કે લંડન વિષે વિચારીયે છીએ તો આપણા મગજમાં કેબ્રિજ અને હાવર્ડ યૂનિવર્સિટીની તસવીરો તરવા લાગે છે.

હાવર્ડ યૂનિવર્સિટી અમેરિકામાં આવેલી છે. તે અમેરિકાની સૌથી જુની યૂનિવર્સિટીમાંની એક છે. તેની સ્થાપના ૧૬૩૬માં કરવામાં આવી હતી. આજે તે દુનિયા આખીમાં જાણીતી બની છે.

# અમેરિકા ઓસ્ટ્રેલિયા,ભારત અને જાપાનની સાથે ક્વાડની બેઠકમાં સામેલ થશે

વોશિંગ્ટન,તા.૧૮

જાપાન સમુદ્રથી લઈને પૂર્વે લદ્દાખ સુધી દાદાગીરી કરી રહેલા ચીનની દરેક રણનીતિ નિષ્ફળ રહી છે. હવે અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બાઈડને ડ્રેગનને પછાડવા કરમ કસી છે. અમેરિકાએ ચીનની ઉંઘ હરામ કરતા જાહેરાત કરી છે કે, ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાનની સાથે તે પણ ક્વાડની બેઠકમાં શામેલ થવા જઈ રહ્યું છે. ક્વાડને મીની નાટો તરીકે ઓળખવામાં આવે છે. આ જાહેરાત સાથે જ બાઈડને ચીનને આકરો સંદેશ આપી દીધો છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, વિદેશ મંત્રી એંટની બ્લિંકેન ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાનના વિદેશ મંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરશે. તેમણે કહ્યું હતું કે, આ બેઠક દરમિયાન કોરોના મહામારી અને જળવાયુ પરિવર્તન પર ચર્ચા હાથ ધરવામાં આવશે. મંત્રાલયે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, મુક્ત અને સ્વતંત્ર હિંદ-પ્રશાંત બનાવવાનું સંયુક્ત લક્ષ્યાંક તરફ આગળ વધવા અને અમારા કાર્યકાળમાં ઉભા થઈ રહેલા ગંભીર પડકારોનો સામનો કરવા માટે ક્વાડ વિદેશમંત્રીઓ સાથે ચર્ચા ખુબ જ મહત્વપૂર્ણ છે.

ચીન પર બરાબરનો ગાળિઓ કસવા માટે ક્વાડનો આઈડિયા જાપાનના તત્કાલીન વડાપ્રધાન શિંજો અબેએ વર્ષ ૨૦૦૭માં આપ્યો હતો. આ સંગઠન મારફતે તેઓ ચીન વિરૂદ્ધ શક્તિશાળી સહયોગી શોધી રહ્યાં હતાં. શરૂઆતમાં ભારત અને ઓસ્ટ્રેલિયાએ ચીન સાથે દુશ્મનાવટ વ્હોરવાને લઈને આ દિશામાં કોઈ રસ દાખવ્યો નહોતો. પરંતુ સમયજતા બંને દેશો તેમાં શામેલ થયા હતાં. ક્વાડ દેશોએ તાજેતરમાં ગત નવેમ્બરમાં બંગાળની ખાડીમાં નૌકા યુદ્ધાભ્યાસ હાથ ધર્યો હતો.

# નોબેલ પુરસ્કાર વિજેતા મલાલાને તાલિબાની આતંકીઓએ મારી નાંખવાની ધમકી આપી



ન્યુ દિલ્હી,તા.૧૮

નોબેલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝઈને ફરી એક વખત પાકિસ્તાની તાલિબાની આતંકવાદીઓએ કથિત રીતે જીવથી મારી નાંખવાની ધમકી આપી છે. આજથી ૯ વર્ષ પહેલા મલાલા પર જીવલેણ હુમલો કરનારા આતંકવાદીએ ટ્વીટરના માધ્યમથી તેને ધમકી આપી હતી. આતંકવાદીએ ટ્વીટમાં લખ્યું હતું કે, ×આ વખતે કોઈ ભૂલ નહીં થાય.×

જો કે આ ધમકીભરી ટ્વીટ બાદ ટ્વીટરે પોસ્ટ અને તે એકાઉન્ટ બંનેને સ્થાયીરૂપથી ડિલીટ કરી દીધા છે. મલાલા યુસુઝઈએ પોતે જ ટ્વીટરના માધ્યમથી પોતાને મળેલી ધમકીની જાણ કરી હતી. આ સાથે જ તેણે પાકિસ્તાની સેનાના પ્રમુખ અને વડાપ્રધાન ઈમરાન ખાન બંનેને પોતાના પર હુમલો કરનારો આતંકવાદી એહસાનુલ્લાહ એહસાન કઈ રીતે સરકારી કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો તેવો સવાલ કર્યો હતો.

એહસાનુલ્લાહ એહસાનની ૨૦૧૭ના વર્ષમાં ધરપકડ કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૦માં તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી દ્વારા રાખવામાં આવેલા તથાકથિત સુરક્ષિત ઘરમાંથી ભાગી ગયો હતો. એહસાનુલ્લાહ એહસાનની ધરપકડ અને તે ફરાર થઈ ગયો તે બંને ઘટનાઓને લઈ ભારે વિવાદ ચાલી રહ્યો છે.

એહસાનુલ્લાહ એહસાન, પાકિસ્તાની તાલિબાન કે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના એક લાંબા સમયના સદસ્ય તરીકે ઓળખાય છે. ધમકીભરી ટ્વીટમાં તેણે મલાલાને ઘરે પાછા આવવા કહ્યું હતું જેથી પોતે મલાલા અને તેના પિતા સાથેનો હિસાબ બરાબર કરી શકે. સાથે જ તેણે આ વખતે કોઈ ભૂલ નહીં થાય તેવી ચેતવણી પણ આપી હતી.

એહસાનુલ્લાહ પર ૨૦૧૪ના વર્ષમાં પાકિસ્તાની સેનાની શાળા પર થયેલા હુમલાનો આરોપ છે જેમાં ૧૩૪ બાળકોના મોત થયા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

**વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......**

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
સભ્ય લેખક : હેમલતા દિવેચા,શીલા પટેલ,મનોજ પંચાલ,અલકા મહેતા,દિનકર જાની
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

----------------------------------------

**NOG SS NO - 0037**
વિષય - પ્રેમપત્ર......
શીર્ષક - ઈશ્વરને પ્રેમપત્ર.
હે....ઈશ્વર જોયો નથી,
તુજને પણ અનુભૂતિનો અહેસાસ...!
હે...ઈશ્વર હું તને શોધું છું,
ક્યાંક ને ક્યાંક....?
હું, સર્જન તારું,
તારામાં હું, મારામાં તું...!
દ્રષ્ટિ મારી, ના જોઈ શકે તુજને,
શોધો શીદને શોધું મંદિર.. મંદિર હું..?
ચક્ષુ આપ મને એવા,
જ્યાં નજર મારી પડે,દર્શન થાય તારા..!
છે, હર ક્ષણ સાથ મારે,
વિશ્વાસ મુજને અપાર...!
ઉતાર્યું સ્વર્ગ પૃથ્વી પર તે,
માણું નહીં, નથી એનું દુઃખ વ્યક્ત કરું...!
મારું મારું.. કંઈ નહી મારું,
તારું તને અર્પણ કરું...!
વ્હાલથી વધાવું,
પ્રેમના આલિંગનથી....!
લાગણીની અભિવ્યક્તિ,
અંતરમનનાં કાગળ પર લખું..!
સ્નેહની શાહી, હેતથી વાંચી,
'હેમ' ને પ્રેમથી પ્રત્યુત્તર આપજો..!
સંવેદના મારી સમજે તું,
એજ અભ્યર્થના...!
હે...ઈશ્વર તું જ મારો પહેલો,
અંતિમ શ્વાસ, વિશ્વાસ 'પ્રેમ'...!
હેમલતા દિવેચા.

----------------------------------------

**[NOG SS No :- 0038**
વિભાગ :- પદ્ય
શીર્ષક :- પ્રેમપત્ર
વર્ષો પછી મને યાદ તારી આવી છે,
લખું તને પ્રેમપત્ર હું ,તું એક મારી સાથી છે...!
તારી પાસે બધી યાદો સાચવી રાખી છે,
નિભાવી દુનિયાની રીત, ને તનેજ દૂર રાખી છે...!
દુનિયાએ આજે યાદ તારી અપાવી છે,
તે તો સાચવી પણ, મેં તને ભુલાવી છે...!
મારા પ્રેમની દુનિયા તે જીવતી રાખી છે,
હું તો એક શરીર છું ,તું મારું ધબકતું હ્રદય છે...!
આજે મારા પ્રેમની કહાની તને કહેવી છે,
ના થઇશ તું નારાજ, હરપળ તું મારી પાસે છે.....!
તું મારી સહેલી ને તું જીવનસાથી છે
પ્યાર સાચો સમજીને કલમ ઉપાડી છે
મારું પોતાનું અસ્તિત્વ તારામાં સમાયું છે,
'શીલા ' આજે પહેલીવાર પોતાને પ્રેમપત્ર લખે છે...!
શીલાપટેલ..."આકાંક્ષા"??ગાંધીનગર

----------------------------------------

**:NOG SS No - 0011**
સાહિત્ય સરિતા
વિષયઃ- પ્રેમપત્ર,પ્રેમની અભિવ્યક્તિ,પ્રેમનો એકરાર
વિભાગ- પદ્ય
પ્રકારઃ-ગઝલ-રમલ છંદ
બંધારણઃ- ગાલગાગાગા, ગાલગા
શીર્ષકઃ- વાત જો તારી કરું...
વાત જો તારી કરું તો દિલ હવે મુંજાય છે
પ્રેમમાં નિષ્ફળ થતાં તન મન જરા કરમાય છે.
સંગમાં તસ્વીર રાખીને ફરું પાગલ થઈને,
એક નફરતથી ભરેલી આંખથી ગભરાય છે.
હોઠ કરશે છે ,સાદ તારો એક આઇલવયુ ને,
પ્રેમમાં ડૂબી ગયાંનો અર્થ બસ સમજાય છે.
એમનાં એ ભેદભાવો ને દુવાઓમાં સ્મિત છે.
સુંદરીનાં ચેહરામાં ફક્ત દુર્ભાવ ભરમાય છે.
રંગમાં રંગાઈ જાવું, પ્રેમનાં એ હોજમાં,
સંગ તું ના હોય, તો કોરાં રહીને શરમાય છે.
સાંજ થાય ચાંદથી બદલી કલા હું દેખતો,
આશ બદલાય પૂનમનાં અમાસે ભરમાય છે.
પ્રેમનો થાતાં પરાજયમાં ઉદય મારો થાતો,
પ્રાસ ઇતિહાસનો મેળવતાં 'મન'શણગારાય છે.
મનોજકુમાર પંચાલ,'મન'. પાલનપુર

----------------------------------------

**NOG SS NO. 0092**
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- :પ્રેમની અભિવ્યક્તિઃ
હોઠ પર મૌનનું તાળું ભલે હોય,
એ આંખોમાંથી ચ રેલાય છે.
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો એક અલગ જ રૂઆબ છે.
ક્યારેક હૂંફાળો સ્પર્શ બની તો ક્યારેક મીઠી નજરોથી ઘાયલ કરી જાય છે.
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો એક અલગ જ રૂઆબ છે.
હોઠ પર ભલે લજ્જાનો દાયરો હોય,
લાખોની ભીડ હોય કે સમાજનો ચોકી પહેરો હોય,
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો એક અલગ જ રૂઆબ છે.
એને જોતાં જ હૃદયનાં ધબકારા ચૂકી જાય છે,
માની લીધેલ તમામ મર્યાદાઓ તૂટી જાય છે,
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો અલગ જ રૂઆબ છે.
જાદુ તો ત્યારે થાય છે કે, જ્યારે એના ભાવો મારી આંખોમાંથી દેખાય છે.
અજાણતાં જ એની હરકત મારી હરકત બની જાય છે.
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો એક અલગ જ રૂઆબ છે.
પ્રેમની અભિવ્યક્તિ એ મનુષ્યોને જ મળેલું વરદાન છે?
કે અબોલ પશુઓની હરકતોથી પણ તે દ્રષ્ટિગોચર થાય છે?
વાછરડાંને પ્રેમથી ચાટતી ગાયમાં,
પ્રેમની સર્વોચ્ચ અભિવ્યક્તિ છલકાય છે.
તો બચ્ચાંનાં મોંમાં દાણા નાંખતાં પક્ષીનાં રૂપમાં પ્રેમનું અનોખું રૂપ પ્રગટ થાય છે.
મેઘનાં આગમનની ઘડીએ નાચતાં મોરમાં પ્રેમનું પાગલપન દેખાય છે,
તો ચાતકની મેઘ પ્રત્યેની ચાહમાં,
પ્રેમમાં વિરહનો તલસાટ અનુભવાય છે.
ફૂલ પર ફરતાં ભમરામાં પ્રેમની રસિકતા દેખાય છે,
તો સાગરને મળવા અધીરી સરિતામાં,
મિલનની પિપાસા દેખાય છે.
પ્રેમ એ માત્ર શાતા જ નહીં, પણ મિલન,વિરહ,તલસાટ જેવા અનેક રંગોમાં દેખાય છે.ક્યારેક મીરાં જેવી શ્વેત ભક્તિ તો ક્યારેક રાધાનાં રંગોમાં રંગાય છે.
પ્રેમ ક્યાં અભિવ્યક્તિ નો મોહતાજ છે?
એનો તો એક અલગ જ રૂઆબ છે.
અલકા મહેતા.ગાંધીનગર

----------------------------------------

**NOG સાહિત્ય સરિતા**
**NOG SS NO :- 0090**
પ્રકારઃ પદ્ય
વિષયઃ પ્રેમની અભિવ્યક્તિ
શીર્ષકઃ.પ્રેમ એટલે..
હું તને પ્રેમ કરું છું એટલે આઈ લવ યું નહિ.
બી માય વેલેન્ટાઈન પણ નહિ.
નહિ આપુ પ્રેમનાં પ્રતિક સમું ગુલાબનું ફૂલ પણ તને..
હું તને પ્રેમ કરું છું એટલે
તારા અસ્તિત્વનો સહર્ષ સ્વીકાર.
તારા માસુમિયત ચહેરા પર છલકાતો નિઃસ્વાર્થ પ્રેમનો અહેસાસ.
તારા હાથમાં હાથ મુકતાની સાથે જ સ્પર્શની ભાષામાં અનુભવાતો ઉષ્માભર્યો મુલાયમ પ્રેમનો અહેસાસ.
તારી આંખોમાં મૌનની ભાષામાં ઉકેલાતો સંવાદ.
પ્રેમની ભાષાનો ક્રમશઃ અનુવાદ.
એકમેકમાં ઓતપ્રોત થયાનો સંવાદ.
અઢી અક્ષરનાં પ્રેમનો પહેલો અક્ષર વાંચ્યા વિના જ સમજાતો અર્થ એટલે તારા પ્રેમનો પર્યાય.
સમર્પણ, ત્યાગ અને બલિદાનની મૂર્તિરૂપમાં દેખાતી તું જ મારા પ્રેમનો પર્યાય.
મારા પ્રેમનું પ્રતિક પણ તું જ.
મારા પ્રેમની ભાષા પણ તુંજ. અને પ્રેમનો સંવાદ પણ તુંજ . પ્રેમનો અર્થ પણ તું.
અત્ર તત્ર સર્વત્ર તારા અસ્તિત્વનો અહેસાસ પણ તું જ
પ્રેમ એટલે
આઈ લવ યું નહિ
પ્રેમ એટલે
અક્ષત,અમાપ
અનંત બ્રહ્માંડનો
બ્રહ્મનાદ ..
દીપક જગતાપ

----------------------------------------

**NOG સાહિત્ય સરિતા**
**NOG SS NO 0056**
વિભાગઃ પદ્ય
વિષયઃ-
શીર્ષક :- " પ્રેમ ની અભિવ્યક્તિ "
અસર છે મને તારા "પ્રેમ" ની,
હું સીધો થઇ ગયો.
જોયા છે તમને જ્યારથી,
"પ્રેમ" માં ડૂબી ગયો..
ચઢ્યો છે મને એવો,
રંગ તારા "પ્રેમ" નો.
હું તારો "પ્રેમી" થઇ ગયો...
અસર છે મને તારા "પ્રેમ" ની,
હું સીધો થઇ ગયો.
નશીલી આ નજરનો ,
મને નશો થઇ ગયો....
અફીણી આ અદાનો,
હું તો દિવાનો થઇ ગયો.
જોયા છે તમને જ્યારથી ,
હું બેકાબુ થઇ ગયો .
અસર છે તારા "પ્રેમ" ની,
હું સીધો થઈ ગયો.
લાગી તારી ધૂન મુજને,
હું તો માણસ થઇ ગયો.
હતો હું શું ! અને હવે ,
હું શું થઇ ગયો..
અસર છે તારા "પ્રેમ" ની,
હું તો દિવાનો થઇ ગયો.
લખી છે ગઝલ તારા નામ ની,
હું તડપતો થઇ ગયો .....
અસર છે મને તારા "પ્રેમ" ની,
હું સીધો થઇ ગયો..
" રંગીન કાગડો "
HAPPY VALENTINE'S DAY
દિનકર જાની
રંગીન કાગડો,અમદાવાદ

## ધુબરી-ફુલબાડી પુલની આધારશિલા રાખી
# વડાપ્રધાને અસમમાં મહાબાહુ-બ્રહ્મપુત્ર જળમાર્ગનું લોકાર્પણ કર્યું

ન્યુ દિલ્હી,તા.૧૮

પ્રધાનમંત્રી મોદીએ આજે મહાબાહુ-બ્રહ્મપુત્ર જળમાર્ગનું લોકાર્પણ કર્યું, ધુબરી-ફુલબાડી પુલની આધારશિલા રાખી અને માજુલી સેતુના નિર્ણાણ માટે ભૂમિપૂજન કર્યું. વીડિયો કોન્ફરન્સનના માધ્યમથી કાર્યક્રમમાં સામે થતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રિમોટ કંટ્રોલ બટન દબાવીને આ પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યું.

પ્રધાનમંત્રી મોદીએ અહીં પોતાના સંબોધનમાં કહ્યું કે, બ્રહ્મપુત્રનો વિસ્તાર મિલનનું તીર્થ છે, આ નદી હંમેશા કનેક્ટિવિટીનો પર્યાય રહી છે. કેન્દ્ર અને આસામની સરકારે બ્રહ્મપુત્રની આસપાસના વિસ્તારમાં ભૌગોલિક સાંસ્કૃતિક રીતે કામ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, અહીં કેટલીક સુવિધાઓને વાળા સેતુ બનાવવામાં આવ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, આ પ્રોજેક્ટથી દેશના જવાનોને પણ સુવિધા મળશે. પીએમ મોદીએ કહ્યું કે, મજૂલીમાં પણ રોડનો ઝડપી વિકલ્પ મળશે, અહીં પુલ બની રહ્યો છે અને સાથે હેલિપોર્ટની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે, આ સમગ્ર વિસ્તારમાં પોર્ટ ડેવલપમેન્ટને આગળ વધારવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ૨૦૧૬માં તમારા માટે એક મતે કેટલું કરી બતાવ્યું, તમારા મતની તાકાત આસામને ઉંચાઈઓ પર લઈ જશે. આઝાદી બાદ આસામના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન નથી આપવામાં આવ્યું. અવ્યવસ્થા અને અશાંતિની પાછળ બેદરકારી દાખવવામાં આવી, ઈતિહાસમાં જે ભૂલ થઈ તેને અટલ બિહારી વાજપેયીજીના સુધારી અને અમે આગળ વધારી રહ્યા છીએ.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, આસામની આસપાસ દેશોની સાથે સંબંધોને કેન્દ્ર બનાવવામાં આવી રહ્યા છે, જેથી બાંગ્લાદેશ સહિત આસપાસના દેશો સાથે સીધુ કનેક્શન થઈ શકે. પીએમ મોદીએ કહ્યું કે, રોપેક સેવા દ્વારા હવે ૪૫૦ કિલોમીટરની સફર ૧૨ કિલોમીટરમાં ફેરવાઈ જશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આસામમાં એક ડેટા સેન્ટર બની રહ્યું છે, જે પૂર્વોત્તરના તમામ રાજ્યોને ઈન્ટરનેટની સુવિધા આપવામાં મદદ કરશે. પીએમ મોદીએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વાર કેટલાક એવા કામ કરવામાં આવ્યા છે, જેનાથી લોકોને રાહત મળી છે અને જે લાંબા સમયથી અટક્યા હતા.

# ટેસ્ટ મેચ રમવા માટે ભારતીય ટીમનું અમદાવાદમાં આગમન

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં આવેલા વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ એવા મોટેરામાં ૨૪ ફેબ્રુઆરીએ રમાનારી ઈન્ડીયા-ઈંગ્લેન્ડની ટેસ્ટ મેચને લઈને તડામાર તૈયારીઓ ચાલુ છે ત્યારે બંને ટીમ આજે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચી છે. ટીમ ઈન્ડિયામાંથી કેપ્ટન વિરાટ કોહલી, રોહિત શર્મા, પત્ની નતાશા અને દીકરા અગત્સ્ય સાથે હાર્દિક પંડ્યા તથા ચેતેશ્વર પુજારા આવી પહોંચ્યા હતા.

૧,૧૦,૦૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતા આ સ્ટેડિયમમાં ૫૫,૦૦૦ લોકોને પ્રવેશ આપવામાં આવશે, ત્યારે ખેલાડી અને પ્રેક્ષકો તથા વીવીઆઈપી મહેમાનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્ટેડિયમમાં પોલીસ તરફથી પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. હાલ સ્ટેડિયમમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તો સાથે બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા પણ સ્ટેડિયમમાં ફૂટ પેટ્રોલિંગ સાથે ચેકિંગ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જે ગ્રાઉન્ડમાં મેચ રમાવાની છે તે ગ્રાઉન્ડમાં પણ બારીકાઈથી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમ જેમ મેચના દિવસો નજીક આવતા જશે તેમ તેમ બંદોબસ્ત અને ચેકિંગ પણ વધારવા આવશે.

# બર્ફીલા તોફાન આગળ દુનિયાની મહાસત્તા અમેરિકા લાચારઃ ૧ કરોડ લોકો સંકટમાં

ન્યૂયોર્ક,તા.૧૮

અમેરિકાના ટેક્સાસ અને મેક્સિકોમાં ખતરનાક બર્ફીલા તોફાનના કારણે સ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. સતત થઈ રહેલી હિમવર્ષાના કારણે અત્યારસુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ટેક્સાસમાં ૪૪ લાખ લોકો વીજળીની સુવિધા વગર ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા છે. ટેક્સાસની ૧૦૦થી વધારે કાઉન્ટીમાં વીજળી અને પાણીના પુરવઠાને વિકટ પ્રભાવ પડ્યો છે. લોકોને ઉકાળેલું પાણી પીવા માટે સલાહ આપવામાં આવી રહી છે અને ૨૦૦થી વધારે રસ્તાઓ બ્લોક થઈ ગયા છે. હાલ તે વિસ્તારના વેક્સિનેશન સેન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે અને વૃદ્ધોને બચાવવા માટે નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. તે સિવાય ટેક્સાસ અને હ્યુસ્ટનમાં વિમાની સેવાઓ બંધ કરી દેવામાં આવી છે. સ્ન્અમેરિકાની ૧ કરોડ કરતા પણ વધારે વસ્તી બરફમાં ઠુંઠવાઈ રહી છે. ટેક્સાસમાં સતત બર્ફીલા તોફાનોના કારણે વીજળીનું ઉત્પાદન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. સ્ટેટ પાવર ગ્રિડમાં સતત ખરાબી આવી રહી છે અને ગેસ, તેલની પાઈપલાઈનો પણ જામી ગઈ છે. વેક્સિનના ૮,૦૦૦ કરતા પણ વધારે ડોઝ વીજળીનો પુરવઠો ન મળવાના કારણે બગડી ગયા છે. ટેક્સાસ, લુસિયાના, કેંટકી અને મિસૌરીમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. વાતાવરણ સતત ખરાબ થઈ રહ્યું છે અને મિસિસિપી, મિનેસોટામાં પણ આવી જ સ્થિતિ છે. હવામાન વિભાગે ટેક્સાસ, અરકંસાસ તથા મિસિસિપીમાં ફરીથી તોફાન આવશે તેવી ચેતવણી આપી છે.

# પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દિગ્ગજ કોંગ્રેસ નેતા કેપ્ટન સતીશ શર્માનુ નિધન

ન્યુ દિલ્હી,તા.૧૮

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કેપ્ટન સતીષ શર્માનુ ગોવામાં નિધન થઈ ગયુ. સતીશ શર્મા ૭૩ વર્ષના હતા. ૭૩ વર્ષીય કેપ્ટન સતીશ શર્મા પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની ખૂબ જ નજીક ગણાતા હતા. સતીશ શર્મા લાંબા સમયથી રાયબરેલી અને અમેઠીથી સાંસદ રહી ચૂક્યા હતા. કેપ્ટન સતીશ શર્મા કેન્દ્ર સરકારમાં પેટ્રોલિયમ મંત્રી રહી ચૂક્યા હતા. જિતિન પ્રસાદ, રણદીપ સિંહ સુરજેવાલા અને અલ્કા લાંબા સહિત ઘણા કોંગ્રેસ નેતાએ સતીશ શર્માના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. કેપ્ટન સતીશ શર્માના પરિવાર તરફથી જણાવવામાં આવ્યુ છે કે સતીશ શર્માનુ નિધન બુધવારે રાતે ૮ વાગે થયુ.

સતીશ શર્માનો જન્મ ૧૧ ઓક્ટોબર, ૧૯૪૭ના રોજ તેલંગાનાના સિકંદરાબાદમાં થયો હતો. તેમણે પોતાનો અભ્યાસ દહેરાદૂનથી કર્યો હતો. સતીશ શર્મા વ્યવસાયે એક પાયલટ હતા. તેમણે ૧૯૯૧માં પહેલી વાર અમેઠી લોકસભા સીટથી કોંગ્રેસની ટિકિટથી ચૂંટણી લડી અને જીતીને સાંસદ બન્યા.

# માણાવદર નગરપાલિકાએ વધારેલા કરવેરા સામે પૂર્વ પ્રમુખ દેવજીભાઈ ઝાટકિયા એ વિરોધ દર્શાવ્યો



માણાવદર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દેવજીભાઈ ઝાટકિયા એ નગરપાલિકાએ વધારેલા વિવિધ કરવેરાઓ સામે નારાજગી દર્શાવી તેનો વિરોધ કર્યો છે

ઝાટકિયા એ કમિશનર નગરપાલિકાઓને તથા માણાવદર નગરપાલિકાના ચીફ ઓફિસર ને એક આવેદનપત્ર પાઠવી તેમાં જણાવ્યું છે કે માણાવદર નગરપાલિકાએ લોકો પાસેથી સગવડના બદલામાં લેવામાં આવતા વિવિધ કરવેરાઓમાં બમણો વધારો કરી લોકોની કમર તોડી પાડી છે. આ વસ્તુ અન્યાય કર્તા છે અને દર બે વર્ષે દરેક ટેકસ ઉપર દશ ટકા કર વધારાના ઠરાવ કર્યા છે તે બાબત બિલકુલ ગેરબંધારણીય છે અને ગેરકાયદેસર છે. કારણકે નગરજનો તમારા નોકર નથી કે ભાડૂઆતો નથી કે તમો અન્યાય કરી શકો કરવેરા વધઘટની બાબતમાં નવેસરથી ઠરાવ કરી અધિકૃત અધિકારી ની મંજૂરી લેવી જરૂરી બને છે. પરંતુ તમે મનસ્વી રીતે આમ નહી કરી ને પ્રજા પર અન્યાય કર્યો છે.

અંતમાં ઝાટકિયા એ જણાવ્યું છે કે આપે અખબાર માં પ્રસિદ્ધ કરેલ જાહેર નોટીસ પાયેથી જ ગેરકાયદેસર છે. કારણ કે પ્રસિદ્ધ કર્તા નથી અધિકારી કે નથી પદાધિકારી એટલે આ નોટીસ સ્વીકાર્ય બનતી નથી વધેલા કરવેરાઓ પરત ખેંચવા ઝાટકિયા એ અંતમાં જણાવેલ છે

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર



આજ રોજ ગાંધીનગર જીલ્લા મા નવા સચિવાલય સંકુલ ખાતે નાયબ મુખ્યમંત્રી કાર્યાલય પરમ પૂજ્ય સ્વામી અવધકિશોર દાસજી માહારાજ ,મોઢેરા પરમ પૂજ્ય સ્વામી ગોપાલ દાસજી માહારાજ ,બલોલ પરમ પૂજ્ય સ્વામી રામમનોહરદાસજી ,કલોલ પરમ પૂજ્ય સ્વામી બલરામ દાસજી મહેસાણા સાથે ઉત્તર ગુજરાત વૈષ્ણવ સંત સમીતી દારા ચાર લાખ ત્રીસ રૂપિયા ની નિધિ ગાંધીનગર મુકામે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ની હાજરી મા શ્રી ઉત્તર ગુજરાત પ્રાંત સહ મંત્રી શ્રી કિતીભાઈ મહેતા અને ગાંધીનગર વિભાગ પ્રભારી ઉપસ્થિત મા ચેક અપેણ કરવામાં આવ્યો તેમાં ગાંધીનગર જીલ્લા બજરંગદળ પ્રમુખ શકિતસિહ ઝાલા ગાંધીનગર શહેર બજરંગદળ પ્રમુખ હિતેન્દ્રસિહ વાઘેલા લાયન્સ કલબ ના જોન ચેરમેન સુનિલભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતા



આજ રોજ જિલ્લા ભાજપા પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ , જિલ્લા મંત્રી મુકેશસિંહ રાઠોડ , ઉન્દીરાબેન ખાંટ , તાલુકા પ્રમુખ સંજયભાઈ જયસ્વાલ , તાલુકા મહામંત્રી શરદભાઈ પટેલ, ધીરુભાઈ ખાંટ , તેમજ ભાજપા ના હોદ્દેદારો ની હાજરી માં સાતરડા સીટ ના અપક્ષ ના ઉમેદવાર પટેલ હર્ષદભાઈ કનુભાઈ એ ભાજપ ના ઉમેદવાર સંજયભાઈ ડી પટેલ તેમજ ભારતીય જનતા પાર્ટી માલપુર ને સમર્થન ( ટેકો ) જાહેર કર્યો.

# પાટનગરમાં રોડના રિસર્ફેસિંગની મેયરશ્રીની માગણીના પગલે સરકાર દ્વારા રૂપિયા ૧૫.૨૦ કરોડની ફાળવણી

ગાંધીનગર:

રાજયના પાટનગર ગાંધીનગરમાં ભારે ચોમાસાના પગલે તૂટી ગયેલા રસ્તાઓનું નવીનીકરણ અનિવાર્ય બન્યુ હોવાની મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા રૂબરૂમાં કરવામાં આવેલી રજૂઆતના પગલે રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા રૂપિયા ૧૫.૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની સાથે શહેર વિસ્તારમાં આવેલા જુદા જુદા ૭ માર્ગને રિસર્ફેસ કરવા માટે જોબ નંબર આપી દેવામાં આવ્યા છે. ઉપરાંત રોડના નવીનીકરણની કામગીરી તુરંત શરૂ કરાવવા માટે કાર્યપાલક ઈજનેરશ્રીને સુચના પણ આપવામાં આવી છે. ત્યારે મેયરશ્રી દ્વારા નાયબ મુખ્યમંત્રીનો નગરવાસીઓ વતી આભાર માનવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના વિવિધ પ્રશ્નો સંબંધે ચર્ચા અને સમિક્ષા માટે બે દિવસ પહેલા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા મેયરશ્રી રીટાબેન પટેલ અને મહાનગર ભાજપ અધ્યક્ષશ્રી ઋચિરભાઈ ભટ્ટ સાથે બેઠક યોજવામાં આવી હતી. દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા રસ્તાના નવીનીકરણ સંબંધેની રજૂઆતોને ધ્યાને લઈને રૂપિયા ૧૫.૨૦ કરોડની ફાળવણી કરવામાં આવ્યાનું કહેવામાં આવ્યુ હતું. તેમાં સિક્સ લેન એવા ઘ-રોડ પર ૬.૨૨ કિલોમીટરની લંબાઈમાં રિસર્ફેસ માટે રૂપિયા ૬.૬૦ કરોડ, સેક્ટર ૧૦ અને ૧૧માં ૧૪.૮૧ કિલોમીટરના કામ માટે ૩.૫૦ કરોડ, ડીએલએફ રોડ પર ૨.૨૦ કિલોમીટર માટે ૧ કરોડ, રોડ નંબર ૭ પર ૧.૨૦ કિલોમીટર માટે ૬૦ લાખ, સેક્ટર ૨૮માં ૫.૮૪ કિલોમીટરના માર્ગના કામ માટે ૧.૫૦ કરોડ અને સેક્ટર ૨૯માં ૮ કિલોમીટરના માર્ગના નવીનીકરણના કામ માટે ૨ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. મહાનગર પાલિકા વિસ્તારમાં રસ્તાના સમારકામ માટે નાણાની ફાળવણી કરવામાં આવતા મેયરશ્રી અને મહાનગર ભાજપ અધ્યક્ષ દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરવમાં આવ્યો હતો.

## બાળકીના કુલ વજનમાં ૩૩ ટકા વજન તો એકલી એ ગાંઠનું જ હતું

# અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ૩.૫ વર્ષની મિતવાના પેટમાંથી ૪.૫ કિલોની ગાંઠ કઢાઈ



)અમદાવાદ,તા.૧૮

મેડિકલ સાયન્સ એક એવો વિષય છે કે જે હંમેશા નવા પડકારો અને અચરજોથી ભરેલો રહે છે. કેટલાક જવલ્લે જ સર્જાતા કિસ્સા તો એવા હોય છે કે જે સામાન્ય માનવી કરતાંય ડોક્ટર્સ માટે પણ નવો પડકાર સર્જે છે. અમદાવાદ સિવિલના તબીબોએ સફળ શસ્ત્રક્રિયા વડે ૩.૫ વર્ષની મિતવાના પેટમાંથી વજન ૪.૫ કિલોની ગાંઠ કાઢી સફળતા મેળવી હતી. લાખમાં માંડ એક વ્યક્તિમાં જોવા મળતો ઈન્ટ્રા એબ્ડોમિનલ માસ વિથ સિસ્ટિક ડિસ્ટેન્શનનો અતિ દુર્લભ કિસ્સો હતો. જેના પર તબીબોએ ઓપરેશન દ્વારા વિજય પ્રાપ્ત કરીને માસૂમ બાળકીને અસહ્ય પીડામાંથી મુક્ત કરાવી છે.

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા રસિકભાઈ લખતરીયા સ્થાનિક દૂધની ડેરીમાં નોકરી કરે છે અને તેમના પત્ની દક્ષાબહેન ગૃહિણી છે. આ ગરીબ દંપતીની ૩.૫ વર્ષની દિકરી મિતવાની વર્ષ ૨૦૧૯માં ખાનગી હોસ્પિટલમાં એબ્ડોમિનલ ટ્યુબરક્યુલોસિસ (પેટના ટીબી)ની સારવાર થઈ હતી. પરંતુ ડિસ્ટેન્શન (અંદરના દબાણથી ફૂલવું તે,ઉપસાટ)ના કારણે પેટ સતત ફૂલતું જતું હતું. બાળકીને અવારનવાર પેટમાં દુખાવો પણ થતો હતો. જાન્યુઆરી ૨૦૨૧માં મિતવાનો વધુ એક સીટી સ્કેન કરવામાં આવ્યો જેમાં ઈન્ટ્રાપેરિટોનિઅલ લિમ્ફેન્જિઓમા જોવા મળ્યું. હવે મિતવાને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરાઈ હતી.

૨૨ જાન્યુઆરી, ૨૦૨૧ના દિવસે મિતવાને પીડિયાટ્રિક સર્જરી વિભાગમાં દાખલ કરાઈ. તમામ પ્રાથમિક ચકાસણીઓ કરવામાં આવી અને પેટના સીટી સ્કેનનો પણ રિવ્યૂ કરવામાં આવ્યો. તબીબોએ પછીના જ દિવસે મિતવાનું ઑપરેશન કરવાનો નિર્ણય કર્યો. પીડિયાટ્રિક સર્જરી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડો. જયશ્રી રામજીની દેખરેખ હેઠળ સર્જરી કરવામાં આવી હતી. જ્યારે ડો. ભાવના રાવલના વડપણ હેઠળ એનેસ્થેસિયા ટીમ ઓપરેશનમાં ખડે પગે રહી હતી. પેટના ભાગે ઓમેન્ટમ (પેટ અને અન્ય અવયવોને આવરી લેતા જઠર પરનું ચામડીનું પાતળું પડ પેરિટોનિયમ કહેવાય છે અને પેરિટોનિયમના પાતળા પડોને ઓમેન્ટમ કહેવાય છે. જેમાં ઘણું મોટું કહી શકાય એવું ઈન્ટ્રાએબ્ડોમિનલ સિસ્ટિક લેઝન હતું, લગભગ આખા પેટને આવરી લે એવડું મોટું હતું. બાકીનું પેટ સામાન્ય હતું. આમાં જે ગાંઠ (શરીરમાં પ્રવાહી સ્રાવ, રસીથી ભરેલી કોથળી) હતી તેનું વજન આશરે ૪.૫ લિટર હતું. તબીબોએ મિતવાના શરીરમાંથી આ ગાંઠને આખી કાઢી નાખી હતી.

# ચૂંટણી ઈફેક્ટ: ફેબ્રુઆરી-માર્ચમાં કોરોના કેસોમાં વધારો થવાની દહેશત

અમદાવાદ,તા.૧૮

દિવાળી બાદ કોરોનાનાં કેસો વધતાં સરકાર અને લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. અને તાબડતોડ નાઈટ કરફ્યુ સહિતનાં પ્રતિબંધો લાદી દેવામાં આવ્યા હતા. જે બાદ કોરોનાનાં કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. પણ હવે ચૂંટણી અને લગ્ન પ્રસંગો આવતાં જ લોકો કોરોનાને ભૂલી ગયા છે. ચૂંટણીઓની રેલીમાં અને લગ્નના મેળાવડાંઓના કારણે ફેબ્રુઆરી તથા માર્ચ મહિના દરમિયાન કોરોનાનાં કેસો વધવાની દહેશત સેવાઈ રહી છે. લગ્ન પ્રસંગમાં હવે સરકારે ૨૦૦ લોકોને મંજૂરી આપી છે. કોરોનાના કેસો નિયંત્રિત થતાં લોકોના મેળાવડાનું પ્રમાણ વધી જવા પામ્યું છે. એટલું જ હનીં આ મેળાવડામાં માસ્ક પણ લોકો નથી પહેરી રહ્યા. લોકોની બેદરકારીને કારણે કોરોનાનાં કેસો વધી શખે છે. કેસો ઘટી રહ્યા હોવાનું જાણીને લોકો બિન્દાસ બનતાં જાય છે. હોટેલ-રેસ્ટોરાંમાં લોકોની ભીડ થવા લાગી છે. માસ્ક પહેરવા મુદ્દે લોકોની બેદરકારી તથા સામાજિક અંતર ન જાળવવાના કારણે કોરોનાનાં કેસો વધવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. માર્ચ સુધીમાં ફરીથી કોરોના બેકાબૂ થવાની દહેશત સેવાઈ રહી છે. કારણે કે લગ્નના મેળાવડાઓ ઉપરાંત હવે ચૂંટણીને લઈને રાજકીય મેળાવડા શરૂ થયા છે. ચૂંટણીની જાહેર સભાઓ અને રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. તેમાં પણ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડી રહ્યા છે. આ સ્થિતિએ કોરોના બેકાબૂ થાય તો નવાઈ નહીં. તબીબોએ પણ ચૂંટણીમાં થઈ રહેલી સભાઓ, સરઘસ, મેળાવડાઓને લઈને કોરોના વકરવાની દહેશત વ્યક્ત કરી છે.

# કોંગ્રેસે ઉમેદવારો નહીં ઉભા રાખતાં ભાજપના બંને ઉમેદવારો બિનહરિફ થયા

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં યોજાનારી રાજયસભાની ચૂંટણી માટે ભાજપના બન્ને ઉમેદવારોએ આજે ગુજરાત વિધાનસભા ખાતે પોતાના ફોર્મ ભર્યા છે. દિનેશભાઈ અનાવાડિયા (પ્રજાપતી) અને રામભાઈ મોકરિયાએ આજે પોતાની ઉમેદવારી નોંધાવી છે. આ સમયે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કૃષિમંત્રી આર.સી.ફળદુ, ગૃહ રાજય મંત્રી પ્રદીપસિહ જાડેજા સહિત મંત્રીમંડળના સભ્યો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસ નેતા અહેમદ પટેલ અને ભાજપ નેતા અભય ભારદ્વાજના અવસાન બાદ આ બન્ને બેઠકો ખાલી પડી હતી. જો કે કોંગ્રેસે રાજયસભા માટે પોતાના એક પણ ઉમેદવારને નહીં ઉતારવાનો નિર્ણય કર્યો છે.રાજયસભાની બન્ને બેઠકો માટે અલગ-અલગ મતદાન થવાનું હોવાથી ભાજપના બંને ઉમેદવારોની જીત નિશ્ચિત માનવામાં આવે છે. જેના કારણે કોંગ્રેસે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી નથી.

# ન.પા.ચૂંટણી પહેલાં મનપાના પરિણામ મામલે હાઈકોર્ટ આજે ચુકાદો આપશે



અમદાવાદ,તા.૧૮

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન પહેલાં રાજયની છ મહાનગરપાલિકાની ચૂંટણીનાં પરિણામ જાહેર કરવાની જાહેરાત કરાઈ છે. આ નિર્ણય સામે થયેલી અરજી પર સુનાવણી પૂરી થતાં ગુજરાત હાઈકોર્ટ ચુકાદો અનામત રાખ્યો હતો. હાઈકોર્ટ આવતી કાલે શુક્રવારે આ મુદ્દે તેનો ચુકાદો આપશે.

હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત હતી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી એક જ તારીખે રાખવામાં આવે. નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીના મતદાન પહેલાં મહાનગરપાલિકાની ચૂંટણીનું પરિણામ જાહેર થશે તો તેનાં પરિણામોની અસર પછી યોજાનારી ચૂંટણી પર પડશે. આ નિર્ણયના કારણે મુક્ત અને ન્યાયી ચૂંટણી પ્રક્રિયા પ્રભાવિત થઈ શકે છે અને મતદારોને અસર થવાની સંભાવના છે. મુક્ત અને ન્યાયી ચૂંટણી સંભવ બની શકે એ માટે મતગણતરી એક જ દિવસે રાખવાનો નિર્ણય લેવાવો જોઈએ.

રાજય ચૂંટણી પંચની રજૂઆત હતી કે ૨૦૦૫થી રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી બે તબક્કામાં કરાય છે. રાજયમાં એક જ તારીખે મતગણતરી રાખીએ તો બહુ મોટો સ્ટાફ રાખવો પડે. અધિકારીઓને દરેક સ્થળ પર ધ્યાન રાખવામાં અગવડતા પડે. સામાન્ય રીતે મતગણતરી માટે એક જ રૂમમાં ૧૪ ટેબલ રાખવામાં આવે છે. કોવિડના લીધે રૂમમાં ૭ ટેબલ જ ગોઠવવામાં આવશે. મતગણતરી અલગ અલગ તારીખે રાખવા માટે કોઈ મજબૂત કારણો કે નુકસાન અંગેના પુરાવા અરજદારે આપ્યા નથી.

# વડાપ્રધાનશ્રીએ પાઠવેલો પેજ પ્રમુખને બિરદાવતો પત્ર મેયરશ્રીએ પ્રદેશ પ્રમુખના હસ્તે સ્વીકાર્યો



ગાંધીનગર:

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય શ્રીકમલમ્ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં મેયરશ્રી રીટાબેન પટેલને ભારતના વડાપ્રધાનશ્રી દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પર્વે પેજ પ્રમુખશ્રીઓને પાઠવવામાં આવેલો પત્ર પ્રદેશ પ્રમુખશ્રી સી. આર. પાટીલના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. પત્ર સંબંધમાં મેયરશ્રીએ જણાવ્યુ કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાનાર છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પત્ર મારફતે તમામ ઉમેદવારોને રાષ્ટ્ર નિર્માણની મશાલ સાથે ન્યૂ ઈન્ડિયાની યાત્રામાં જોડાવા આહ્વાન કરવામાં આવ્યુ છે અને ચૂંટણીમાં ઝળહળતી સફળતા મેળવવા માટે શુભકામના પાઠવવામાં આવી છે.


પત્રમાં વડાપ્રધાનશ્રીએ પાઠવેલા સંદેશા અંગે વધુમાં મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યુ કે, ગુજરાતની જનતાએ હંમેશથી ભાજપ પર નિશ્વાર્થ સ્નેહ વરસાવ્યો છે. તેથી ગુજરાત મક્કમ, ભાજપ અડિખમ એ સુત્ર જ નહીં પરંતુભાજપ અને ગુજરાતના સંબંધની હ્રદયની છબિ છે અને મને ખાતરી છે કે, પરસ્પર વિશ્વાસની આ ગંગા નિરંતર વહેતી રહેવાની છે. ત્યારે આપણા માટે મહાભારતના અર્જુનને જેમ પક્ષીની આંખજ દેખાતી હતી, તેમ છેવાડાના માનવીના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તે એકમાત્ર લક્ષ્ય હોવું જોઈએ.લોકશાહીનો ધબકાર મતદાર હોય છે.

પરિણામે પેજ કમિટી દ્વારા ચલાવવામાં આવતા સંપર્ક અભિયાન મતદારને મતદાન કરવા માટે પ્રોત્સાહન આપનારૂ અને લોકશાહીના મુલ્યોને સુદ્રઢ કરવામાં મહત્વનો ફાળો આપશે. લોકોની આકાંક્ષા અને અપેક્ષાઓને સમજીને તેના પર ખરા ઉતરવાની કર્મનિષ્ઠ અને સંવેદનશીલ કાર્યકરની ફરજ બની રહે છે, તેમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યુ છે.

# દાંતીવાડા ઇ ધરા કચેરી ભ્રષ્ટાચારનો હબ બની

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગોઢ ગામે ખેડૂતની જમીનમાં બેંકના બોજાની ખોટી નોંધ પડ્યા બાદ ઉતારામાં બોજાની નોંધની અસર ન નીકળતા ખેડૂત પરિવાર માથે આભ તૂટી પડ્યા જેવી ઘટના સર્જાઈ છે.અને ખેડૂત દ્વારા ના છૂટકે આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારવામાં આવતા દાંતીવાડા મામલતદાર દ્વારા તાત્કાલિક હુકમ કરી અસરને કમી કરવા નોંધ પાડવામાં આવી છે. ગોઢ ગામના ઈશ્વરજી છગનજી કોળી એ ભાવુક થઈને જણાવ્યું હતું કે હું બે વર્ષે દાંતીવાડા મામલતદાર કચેરીમાં ટેબલે ટેબલે ધક્કા ખાઈ મારા ચપ્પલના તળિયા તૂટી ગયા છે. છતાં મારી અરજ કોઈ સાંભળતું નથી.મળતી માહિતી મુજબ



મામલતદાર દ્વારા દાંતીવાડા પોલીસને આ બાબતની જાણ કરવામાં આવતા પોલીસ દ્વારા અરજદારના અટકાયેતી પગલાં લઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે હોવાનું દાંતીવાડા પીએસઆઈ એ. આર. ચૌધરીએ જણાવ્યું હતું.

દાંતીવાડા ઈ ધરા કચેરીમાં નાયબ મામલતદાર વિરુદ્ધ અગાઉ ઉચ્ચ કક્ષાએ ભ્રષ્ટાચાર મામલે લેખિત રજુઆત કરાઈ હતી. કચેરીમાં વચેટીયા રાજ થઈ ગયુ હોવાના અનેક આક્ષેપો પણ કરાયા હતા.ત્યારે અહીં આવી કેટલી નોંધો પડી છે અને કેટલા ગરીબ ખેડૂતો કચેરીમાં ધક્કા ખાવા મજબૂર બન્યા છે તે પણ ઉચ્ચ કક્ષાએ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ખેડૂતની પત્ની અને દીકરો માનસિક અસ્તવ્યસ્ત થયા.

આ બાબતે ખેડૂતે જણાવ્યું હતું કે મારી જમીનમાં ખોટો બોજો પડ્યા બાદ ઉતારામાં આટલા વર્ષો બાદ બોજાની અસર ચાલુ રહેતા મારી પત્ની અને દીકરો પણ માનસિક રીતે અસવ્યસ્થ થઈ ગયા છે.

મામલતદાર દ્વારા હુકમ કરાયો.

અરજી આપ્યાના સોજ સુધી દાંતીવાડા મામલતદાર કંઈ જાણતા ન હોવાની વાત કહી રહ્યા હતા. પરંતુ તે બાદ તાબડતોબ હુકમ કરી નોંધ પાડવામાં આવી હતી.જોકે ૧૬ જાન્યુઆરીએ આ બાબતે જિલ્લા કલેક્ટરે લેટર લખી જરૂરી કાર્યવાહી કરવા મામલતદાર કચેરીને જણાવ્યું હતું છતાં કોઈ કાર્યવાહી ન કરાઇ હતી.

જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવા ખેડૂતની માંગ.

ખેડૂત દ્વારા માગણી કરવાં આવી રહી છે કે મારી જમીન ઉપર કોણે અને કોના કહેવાથી બોજાની નોંધ પાડવામાં આવી છે તે બાબતની તટસ્થ તપાસ કરી જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેવી મારી માંગ છે.

સુધારા હુકમ કરી દીધો છે. નોંધ હું જાતે પ્રમાણિત કરી દઈશ: મામલતદાર દાંતીવાડા.

આ બાબતે દાંતીવાડા મામલતદારે જણાવ્યું હતું કે મેં આ બાબતે હુકમ કરી દીધો છે બોજો રદ કરવામાં માટેનો.નોંધ સરત ચૂકથી બીજાના અંદર દાખલ થઈ ગઈ હતી.અરજદારની રજુઆતના પગલે બે વાર બોજા કમીની નોંધ પાડવામાં આવી હતી પરંતુ સરત ચૂક થી ઉતારામાં બોજાની અરસ રહી ગઈ હતી જેનો સુધારા હુકમ મેં ગઈ કાલે જ કરી દીધો છે અને જે નોંધ હું જાતે પ્રમાણિત કરી દઈશ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.